For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 31 | Saturday 6 April 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**



**Gadgets ગુરૂ** BMW 620d M સ્પોર્ટ 78.9 લાખમાં લોન્ચ 4

ગુજરાતમાં દાયકાઓથી છે ક્ષત્રિયોનો દબદબો... 7



આર્યન ખાન બ્રાઝિલની એક્ટ્રેસ લારિસાને ડેટ કરી રહ્યો હોવાની ચર્ચા... 10




## 2024નું વર્ષ દુનિયામાં ચૂંટણીમય બની રહેશે

# ભારત સહિત વિશ્વના... 78 દેશમાં ચૂંટણી યોજાશે

**4.3 અબજ લોકોના મતદાન સાથે સર્જાશે વર્લ્ડ રેકોર્ડ**

**ભારત, અમેરિકા, સિરીયા, મેક્સિકો, બ્રિટન, ઈરાન, મોરેશિયસ, શ્રીલંકામાં ચૂંટણી....**



### ભારતમાં પીએમ મોદીને હેટ્રિકની આશા

ભારતમાં આ વર્ષે ચૂંટણી છે. લોકસભાની ચૂંટણીમાં હાલમાં સત્તામાં રહેલા ભાજપનું પલડુ ભારે હોવાની ચર્ચા છે. બીજી તરફ વિપક્ષ ઈન્ડિયા ગઠબંધન કરીને જીતવા અને અને સત્તા લેવા એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. વિશ્વની સૌથી વધુ વસતી ધરાવતા દેશમાં આ વખતની લોકસભા ચૂંટણી ખૂબ જ મહત્ત્વની સાબિત થવાની છે. ભાજપનો ચહેરો ગણાતા નરેન્દ્ર મોદીને વિજયની હેટ્રિક લગાવવાની આશા છે જયારે વિપક્ષો સત્તા ખેંચવા મથી રહ્યા છે. ભારતમાં ચૂંટણીનો માહોલ ખૂબ જ મોટા પ્રમાણમાં ગરમાઈ ગયેલો છે.

**સ્પેશિયલ રિપોર્ટ: સમગ્ર વિશ્વ માટે 2024નું વર્ષ વિશાળ પરિવર્તનો આણનારું સાબિત થવાનું છે. આ વર્ષે જે લિપ વર્ષ છે તે દુનિયાની અડધી વસતીનું ભાગ્ય બદલશે. વાત એવી છે કે, ભારતમાં તો લોકસભા ચૂંટણીનું રણશિંગુ ફુંકાઈ ગયું છે અને અમેરિકામાં પણ ચૂંટણી મુદ્દે ગડમથલ ચાલ્યા કરે છે. રશિયામાં ચૂંટણીના દેખાડા થયા અને ઘીના ઠામમાં ઘી પડે તેમ પુતિન જ સર્વસત્તાધીશ રહ્યા છે. આ બધા ફેરફારો વચ્ચે નોંધનિય બાબત એવી છે કે, 2024નું વર્ષ વૈશ્વિક સ્તરે રાજકીય ઉથલપાથલ અને ચૂંટણીઓનું વર્ષ રહેવાનું છે...**

## દુનિયાના 70થી વધુ દેશોમાં યોજાશે ચૂંટણી

આ વર્ષે દુનિયાના 70થી વધારે દેશોમાં ચૂંટણી યોજાવાની છે. જાણકારોના મતે આ વર્ષે 78 દેશોમાં 83 જેટલી ચૂંટણીઓ થશે જેમાં દેશની નવી સરકારો રચાશે. તેમાં પૂનરાવર્તન અને પરિવર્તનના અવિસ્મરણીય પરિણામો જોવા મળી શકે છે. આ વર્ષે ભારત, અમેરિકા અને બ્રિટન જેવી મોટી લોકશાહીમાં ચૂંટણીઓ યોજાવાની છે. વસતીની દ્રષ્ટીએ જોઈએ તો દુનિયાની સૌથી વધુ વસતી ધરાવતા ભારતમાં ચૂંટણી થવાની છે તો બીજી તરફ માત્ર 11,396ની વસતી ધરાવતા નાનકડા દેશ તુવાલુમાં પણ નવી કેન્દ્ર સરકાર રચાશે.

## વિશ્વની સૌથી વધુ વસતી ધરાવતા 7 દેશોમાં ચૂંટણી, કોણ પોતાની ખુરશી બચાવી શકશે?

દુનિયામાં આ વખતે એશિયા ખંડમાં સૌથી વધારે મતદાતાઓ દ્વારા ચૂંટણીમાં ભાગ લેવામાં આવશે. વૈશ્વિક સ્તરે થનારી ચૂંટણીમાં વિશ્વની સૌથી વધુ વસતી ધરાવતા દેશોમાંથી મોટોભાગ એશિયામાં છે. એશિયાના અને વસતીની રીતે દુનિયાના મોટા ગણાતા સાત દેશો પોતાની કેન્દ્રીય સરકારની રચના કરશે. તે માટે મોટી સંખ્યામાં લોકો મતદાન કરશે. બ્રાઝીલ અને તુર્કીની વાત કરીએ તો ત્યાં સામાન્ય ચૂંટણીઓ નથી. છતાં ત્યાં તમામ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે. તેના કારણે સમગ્ર દેશના મતદારો તેમાં ભાગ લેશે તે સ્વાભાવિક છે. આ વર્ષની ચૂંટણીઓ એટલા માટે મોટી અને મહત્ત્વની સાબિત થવાની છે કારણ કે તેમાં મોટા દેશો જોડાયેલા છે. એક તરફ રશિયા અને યુક્રેન જેવા દેશ છે જે યુદ્ધના માહોલમાં ચૂંટણી કરવાના છે. રશિયામાં તો પુતિનની ફરીથી સત્તાની સુકાની તરીકે નિયુક્તિ પણ થઈ ગઈ. આગામી સમયમાં યુકેનમાં પણ ચૂંટણી થવાની જ છે. તેવી જ રીતે ભારત અને અમેરિકા તથા બ્રિટન જેવા દુનિયાના મોટા લોકશાહી દેશોમાં કેન્દ્ર સરકારે માટેની ચૂંટણી થવાની છે. આ સિવાય એશિયા અને આફ્રિકાના બીજા મોટા દેશોમાં ચૂંટણી થશે. આ તમામ ચૂંટણીઓ માત્ર જે-તે દેશ ઉપર જ નહીં પણ વૈશ્વિક સ્તરે અસર ઉપજાવે તેવા છે.

## વિશ્વની અડધી વસતી મતદાનથી નેતા ચૂંટશે

**નવાઈની વાત એવી છે કે, રાજકીય વિશ્લેષકો જણાવે છે કે, 2024ના વર્ષમાં વૈશ્વિક સ્તરે જે ચૂંટણીઓ યોજાશે તે વર્લ્ડ રેકોર્ડ બની રહેવાનો છે. વિશ્વની અડધી વસતી એટલે કે અંદાજે 4.3 અબજ લોકો મતદાન કરશે.**

આ વખતે અમેરિકા અને ભારત જેવા મોટા દેશોમાં ચૂંટણી છે. તે ઉપરાંત એશિયા, આફ્રિકા અને યુરોપના ઘણા દેશોમાં નવી સરકાર રચાવાની છે. તે સિવાય યુરોપીયન યુનિયનના સભ્ય 27 દેશોની પણ પોતાની ચૂંટણી થવાની છે. જી-20અને જી-7માં સ્થાન ધરાવતા મહત્ત્વના અને મોટા દેશોમાં આ વર્ષે ચૂંટણી થવાની છે. આ વર્ષે ચૂંટણીઓ અને મતદાનના રેકોર્ડ સર્જાવાના અને તૂટવાના છે. ત્યારપછી વિશ્વમાં આટલા મોટાપાયે ચૂંટણીઓ કે રાજકીય પરિવર્તનનો દોર આવશે નહીં.

### કયા દેશોમાં ક્યારે ચૂંટણી?

- **ભારત** એપ્રિલ-મે
- **અમેરિકા** 5 નવેમ્બર
- **સાઉથ આફ્રિકા** મે-ઓગસ્ટ
- **મેક્સિકો** 2 જૂન
- **રોમાનિયા** નવેમ્બર-ડિસેમ્બર
- **ઉત્તર કોરિયા** 10 એપ્રિલ
- **બ્રિટન** ડિસેમ્બર
- **વેનેઝુએલા** ડિસેમ્બર

## મતદાન કરવું એ દરેક નાગરિકની ફરજ

થોડા સમય પહેલાં જ દુનિયાના 33 દેશો દ્વારા તેમના દેશોમાં થતી ચૂંટણીઓમાં કાયદો લાવીને મતદાન કરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત દુનિયાના 18 દેશો દ્વારા મતદાન નહીં કરનારા લોકોને સજા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ દેશો માને છે કે, દુનિયાભરના દેશો નવી સરકારોની રચના અને ચૂંટણી પ્રક્રિયા માટે પ્રજાના જ પૈસા ખર્ચ કરતી હોય છે. આ સંજોગોમાં પ્રજાની ફરજ છે કે, તેઓ બંધારણીય અને ચૂંટણી પ્રક્રિયાને પૂરી કરવામાં તેમની મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## પાડોશી દેશોમાં ચૂંટણી પૂરી થઈ ગઈ છે

ભારતના બે પાડોશી દેશોની વાત કરીએ તો પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં ચૂંટણીઓ પૂરી થઈ ગઈ છે. પાકિસ્તાનમાં ઈમરાનની ધરપકડ બાદ સર્જાયેલી રાજકીય કટોકટીમાં ચૂંટણીઓ પૂરી થઈ છે. ચૂંટણી પછી પણ સત્તા માટે અનેક સાંઠમારી થયા બાદ શાહબાઝ શરીફની વડા પ્રધાન પદે નિયુક્તિ કરવામાં આવી છે. બીજી તરફ બાંગ્લાદેશમાં પૂરી થયેલી ચૂંટણીમાં શેખ હસીનાની પાસે જ સત્તાનું સુકાન રહ્યું છે. તેઓ સતત પાંચમી વખત દેશના વડા પ્રધાન તરીકે ચૂંટાયા છે.

## અમેરિકા, બ્રિટન અને યુક્રેનમાં વર્તમાન વડાઓને સત્તા બચાવવાનો સંઘર્ષ

અમેરિકામાં બાઈડેન પાસે સત્તા ટકાવવી અઘરી બની રહી છે. મોટી ઉંમર અને યોગ્ય પરિણામો ન મળવાના કારણે અમેરિકાની વૈશ્વિક પકડ ઢીલી પડી ગઈ હોવાનું છતું થઈ ગયું છે. બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પ અને બાઈડેન વચ્ચે અમેરિકામાં આ વખતે સત્તા માટે સીધો સંઘર્ષ થાય તે દેખાઈ રહ્યું છે. અમેરિકાની ચૂંટણી નવેમ્બરમાં થવાની છે. તેનું જે પણ પરિણામ આવશે તેની વિશ્વ ઉપર  દૂરોગામી અસરો થવાની છે. બીજી તરફ બ્રેક્ઝિટ થયા બાદ બ્રિટનની આર્થિક સ્થિતિ ને સતત કથળતી જાય છે.

# મા ઉમિયાનું મંદિર વિશ્વભરમાં છવાયું, અમેરિકાના ટાઈમ સ્ક્વેર પર વિશ્વ ઉમિયાધામ મંદિરની ઝાંખી પ્રસ્તુત; પાટીદાર સમાજના લોકોએ એકઠા થઈ કરી ભવ્ય ઉજવણી












ન્યૂયોર્કઃ અમદાવાદના જાસપુર મુકામે નિર્માણ પામી રહેલા વિશ્વના સૌથી ઊંચા જગત જનની માં ઉમિયાના મંદિર વિશ્વભરમાં છવાયું છે. અમેરિકાના ન્યૂયોર્કમાં આવેલી ટાઈમ સ્ક્વેર બિઝનેસ પાર્કની દીવાલો પર ભારતીય સમય મુજબ શનિવારે રાત્રે 10:30 વાગ્યે વિશ્વઉમિયાધામ મંદિરની ઝાંખી પ્રસ્તુત અને અમેરિકન સમય મુજબ બપોરે 12:55 કલાકે વિશ્વ ઉમિયા ધામ મોડેલની પ્રતિકૃતિ રજૂ કરવામાં આવી હતી. વિશ્વના સૌથી ઊંચા મા ઉમિયાના મંદિરની ટાઈમ સ્ક્વેર પર પ્રતિકૃતિથી સનાતન ધર્મનો અમેરિકામાં રણ ટંકાર થશે. આ સાથે જ અમેરિકાના વિવિધ 13 સ્ટેટમાં રહેતા NRI પાટીદાર ભાઈઓ પણ ટાઈમ સ્ક્વેર પર બેઠક કરશે. રાતે 500 NRI રૂબરૂમાં અને વિશ્વભરમાં વસતા મા ઉમિયાના લાખો ભક્તો ડિજિટલ માધ્યમ દ્વારા ટાઈમ સ્ક્વેર પર પ્રસ્તુત થનાર વિશ્વ ઉમિયા ધામ મોડેલની પ્રતિકૃતિને નિહાળી હતી. અયોધ્યામાં રામ મંદિરની પુનઃપ્રાણ પ્રતિષ્ઠા બાદ પ્રથમ વખત એવું બની રહ્યું છે કે વિશ્વનું સૌથી ઊંચામાં ઊંચું મા ઉમિયા માતા મંદિરની પ્રતિકૃતિ ન્યૂયોર્કના ટાઈમ સ્ક્વેર પર પ્રસ્તુત થઈ રહી છે. ન્યૂયોર્કના પ્રસિદ્ધ ટાઈમ સ્ક્વેર પર જગતજનની માં ઉમિયાની ખૂબ જ મોટી તસવીર અને સમગ્ર મંદિર પરિસરનું પાંચ મિનિટ સુધી પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. જેમાં વિશ્વ ઉમિયા ધામની વિવિધ સામાજિક પ્રવૃત્તિ વિશ્વ સમક્ષ મુકાશે તેમજ સનાતન ધર્મના કાર્યની ઓળખ પ્રસ્થાપિત થશે.







# દક્ષિણ કેલિફોર્નિયામાં ઉલ્કાઓ કે એલિયન્સ ?

## રાત્રે તેજ પ્રકાશ સાથેના લીસોટા દેખાતાં આશ્ચર્ય સાથે લોકોમાં ભય ફેલાયો

■ લોસ એન્જલસ

જેરેડ ગોન્ઝેલેઝે મંગળવારે રાત્રે પાઈકો યુનિયન એરિયા વિસ્તારમાં રાત્રે ૧.૩૦ વાગે આકાશમાં અદ્ભૂત પ્રકાશ જોયો હતો. તે તેજ લીસોટા રૂપે અને તેના આગળના ભાગમાં ભૂરી-લાઇટસ પણ ફેલાઈ હતી. આ માત્ર ૩૦ સેકન્ડમાં જ અત્યંત તીવ્ર ગતિએ વિલીન થઇ ગઇ હતી પરંતુ તે દરમિયાન તેણે તેના મોબાઈલના વિડીઓમાં ઝડપી લીધી હતી. માત્ર દક્ષિણ કેલિફોર્નિયામાં જ નહીં પરંતુ એના હીમ, સાન બર્નાડીનો - ઓન્તોરિયો, બોયેલ- હાઈટસ, બર્બેન્ક, વેન્ચ્યુરલ અને સાન્તા બાર્બારા કાઉન્ટીમાં પણ આવો ઝળહળતો પ્રકાશ જોવા મળ્યો હતો. સહજ છે કે તે સાથે આશ્ચર્ય તેમજ ભીતી પણ પ્રસરી રહ્યાં.

જેરેડ ગોન્ઝેલેઝે આ સમુહમાં આવતા તેજ લીસોટા અંગે કહ્યું કે, આ લીસોટાઓ આગળના ભાગે ભૂરો પ્રકાશ ફેંકતા હતા. તે માત્ર ૩૦ સેકન્ડઝ પૂરતા જ દેખાયા પરંતુ તુર્ત જ અદ્રશ્ય થઈ ગયા.આ માહિતી લોસ એન્જલસ સ્થિત નેશનલ બ્રોડ કાસ્ટિંગ કોર્પોરેશન (એન.બી.સી.) એ આપી હતી.નિરીક્ષકો તેમ જણાવે છે કે જો તે એલિયન્સનાં સ્પેસ શિપ્સ હશે તો આપણે માત્ર સાવચેત નહીં સચેત રહેવું અત્યંત આવશ્યક છે. કારણ કે ઈતિહાસના ઉલ્લેખો દર્શાવે છે કે ઇ.સ. પૂર્વે ૧૫૦૦થી આવી ઘટનાઓ જોવા મળી છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

## ફોર્બ્સની યાદી જાહેર: દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિઓમાં 200 ભારતીયોના નામ

# ધનિકોની સંખ્યા 169થી વધીને 200 થઈ વિશ્વના સુપર રિચ લિસ્ટમાં નવા 25 નામ

### 25 નવા ભારતીય અબજોપતિઓએ યાદીમાં પહેલી વખત કર્યો પ્રવેશ

■ નવી દિલ્લી

ફોર્બ્સની 2024 માટે વિશ્વના અબજોપતિઓની યાદીમાં આ વખતે 200 ભારતીયોના નામ સામેલ છે. ગયા વર્ષે તેમાં 169 ભારતીયોના નામ હતા. આ ભારતીયોની કુલ સંપત્તિ $954 બિલિયન છે, જે ગયા વર્ષના $675 બિલિયન કરતાં 41 ટકા વધુ છે. ફોર્બ્સની ભારતીય અબજોપતિઓની યાદીમાં મુકેશ અંબાણી $116 બિલિયનની સંપતિ સાથે ટોચના સ્થાને છે. તેમની નેટવર્થ $83 બિલિયનથી વધીને $116 બિલિયન થઈ છે. આથી તેઓ $100 બિલિયન ક્લબમાં પ્રવેશનાર પ્રથમ એશિયન બન્યા છે. તેઓ વિશ્વના નવમા સૌથી ધનિક વ્યક્તિ તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

**સૌથી ધનિક મહિલાનું સ્થાન છે ચોથું** આ યાદીમાં ગૌતમ અદાણી બીજા સૌથી અમીર ભારતીય છે. તેમની સંપત્તિમાં $36.8 બિલિયનનો વધારો થયો છે. તેઓ $84 બિલિયનની નેટવર્થ સાથે યાદીમાં 17મા ક્રમે છે. આ યાદીમાં તેમનું સ્થાન ચોથું છે. એક વર્ષ પહેલા તે છઠ્ઠા સ્થાને હતી. તેમની કુલ સંપત્તિ $33.5 બિલિયન છે.

### ભારતના 10 સૌથી અમીર લોકો, આગામી સમયમાં આંકડો વધે તો નવાઈ નહીં

મુકેશ અંબાણી- 116 અબજ ડોલરની કુલ સંપત્તિ- રેન્ક 9
ગૌતમ અદાણી- નેટવર્થ $84 બિલિયન- રેન્ક 17
શિવ નાદર- નેટવર્થ $36.9 બિલિયન- રેન્ક 39
સાવિત્રી જિંદાલ- નેટવર્થ $33.5 બિલિયન- રેન્ક 46
દિલીપ સંઘવી- નેટવર્થ $26.7 બિલિયન- રેન્ક 69
સાયરસ પૂનાવાલા - નેટવર્થ $21.3 બિલિયન- રેન્ક 90
કુશલ પાલ સિંહ- નેટવર્થ $20.9 બિલિયન- રેન્ક 92
કુમાર બિરલા - નેટવર્થ $19.7 બિલિયન- રેન્ક 98
રાધાકિશન દામાણી- નેટવર્થ $17.6 બિલિયન- રેન્ક 107
લક્ષ્મી મિત્તલ- નેટવર્થ $16.4 બિલિયન- રેન્ક 113.







## NEWS FILE

### IT કંપનીઓ માટે રિકવરીનું વર્ષ બનશે, આવકમાં વધારો નોંધાશે



મુંબઈ: સ્થાનિક આઈટી ઈન્ડસ્ટ્રી માટે એપ્રિલથી શરૂ થતું નાણાકીય વર્ષ 2024-25 રિકવરીનું વર્ષ સાબિત થઈ શકે છે. ગત નાણાકીય વર્ષના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર માટે આઈટી કંપનીઓના પરિણામોમાં ભવિષ્યના ગ્રોથને લઈને મેનેજમેન્ટની ટિપ્પણીથી તેના સંકેત મળશે. નોમુરા અનુસાર, લાર્જ કેપ આઈટી કંપનીઓ (ટેક મહિન્દ્રાને છોડીને)ના એબિટા માર્જિનમાં 0.4%નો સુધારો થશે. કોટક સિક્યોરિટીઝ અનુસાર ઈન્ફોસિસ નાણાકીય વર્ષ 2024-25 માટે 6% ગ્રોથ નોંધાવી શકે છે. જો કે અનેક નિષ્ણાંતોનું અનુમાન છે કે ઈન્ફોસિસ, એચસીએલ ટેક અને વિપ્રો જેવી કંપનીઓનું ગાઈડન્સ નબળું રહી શકે છે.

### ઈએમઆઈ વધુ છતાં એક વર્ષમાં હોમ લોન લેનારા 34 ટકા વધ્યા

મુંબઈ: કોરોનાકાળ પૂરો થયા પછીથી શરૂ થયેલી પોતાના ઘરની ઈચ્છા હવે નવા સ્તરે પહોંચી ગઈ છે. ઘર મોંઘું હોય, લોન અઘરી હોય કે ઈએમઆઈ વધુ હોય છતાં પણ ગ્રાહકો પર તેની અસરો ઓછી જોવા મળી રહી છે. બૅન્ક ઑફ બરોડા (BoB)ના તાજેતરના બૅન્ક ક્રેડિટ રિપોર્ટ દ્વારા આ નવો ટ્રેન્ડ સમજી શકાશે.રિપોર્ટ અનુસાર દેશમાં માર્ચ 2022થી ડિસેમ્બર, 2023 વચ્ચે તમામ પ્રકારની લોન સરેરાશ 1.28% સુધી મોંઘી થઈ છે. તેને પગલે 50 લાખ સુધીની હોમ લોનનો ઈએમઆઈ માસિક રૂ. 5200 વધી ગયો છે.

### મેટા ભારતમાં પોતાનું પ્રથમ ડેટા સેન્ટર ખોલવાની તૈયારીમાં



નવી દિલ્હી: ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપની પેરેન્ટ કંપની મેટા ચેન્નાઈમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કેમ્પસમાં ભારતમાં તેનું પ્રથમ ડેટા સેન્ટર શરુ કરી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેટાના કો-ફાઉન્ડર માર્ક ઝુકરબર્ગે માર્ચમાં જામનગરમાં આયોજિત અનંત અંબાણીના પ્રી-વેડિંગ ફંક્શનમાં હાજરી આપી હતી. ત્યારે જ તેમણે આ અંગે રિલાયન્સ સાથે કરાર કર્યો હતો. ડેટા સેન્ટરમાં મેટાને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ જેવી તેની એપ્સ પર સ્થાનિક સ્તરે જનરેટ કરવામાં આવતી સામગ્રીને પ્રોસેસ કરવામાં મદદ કરશે. જો કે આ ડીલ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

## એરલાઈન્સ માટે નવી ગાઈડલાઈન જાહેર, મુસાફરોને મોટી રાહત

■ નવી દિલ્હી

બોર્ડિંગ પછી ફ્લાઈટમાં લાંબો વિલંબ થાય છે, તો મુસાફરોએ પ્લેનમાં બેસીને વધુ રાહ જોવી પડશે નહીં. તેઓ ફ્લાઈટમાંથી ઉતરી શકે છે. એરલાઈન કંપનીઓને હવે તેમના મુસાફરોને એરપોર્ટના એક્ઝિટ ગેટ અથવા ડિપાર્ચર ગેટની બહાર લઈ જવાની મંજૂરી આપવામાં આવશે. બ્યૂરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી (BCAS), એવિએશન સેફ્ટી પર દેખરેખ રાખતી સંસ્થાએ 30 માર્ચે એક ગાઈડલાઈન બહાર પાડી હતી, ફ્લાઈટમાં સવાર થયા પછી તેમને કલાકો સુધી બેસવું પડશે નહીં. ફ્લાઈટમાં બોર્ડિંગ કર્યા પછી નોંધપાત્ર ફ્લાઈટ વિલંબ અથવા કટોકટીની પરિસ્થિતિઓના કિસ્સામાં, મુસાફરોને એરપોર્ટના પ્રસ્થાન દ્વારમાંથી બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવશે. ‘એરપોર્ટ ઓપરેટરોએ માર્ગદર્શિકાને અમલમાં મૂકવા માટે સ્ક્રીનિંગ તેમજ મૂળભૂત માળખાકીય સુવિધાઓની વ્યવસ્થા કરવી પડશે.

## બાયજૂસના રવીન્દ્રનની નેટવર્થ ‘ZERO’

### એક વર્ષ પહેલાં 17,545 કરોડ હતી, અબજોપતિઓની યાદીમાંથી બહાર

■ નવી દિલ્હી

નાણાકીય કટોકટીનો સામનો કરી રહેલી એડટેક કંપની બાયજૂસના સ્થાપક બાયજુ રવીન્દ્રનની નેટવર્થ ઝીરો થઈ ગઈ છે. એક વર્ષ પહેલાં એટલે કે 4 એપ્રિલ, 2023ના રોજ બાયજુની નેટવર્થ $2.1 બિલિયન (ત્યારે લગભગ 17,545 કરોડ) હતી. ફોર્બ્સના બિલિયોનેર ઈન્ડેક્સ 2024માં આ માહિતી આપવામાં આવી છે.રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે એક વર્ષ પહેલાં બાયજૂસને ફોર્બ્સની બિલિયોનરની યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા, પરંતુ આ વખતે ગત વર્ષની યાદીમાંથી 4 લોકોને બહાર કરવામાં આવ્યા છે, જેમાં રવીન્દ્રન પણ સામેલ છે. તાજેતરમાં, બ્લેકરોકે બાયજૂસની વેલ્યુએશન ઘટાડીને $1 બિલિયન કરી હતી, જે 2022માં તેના હાઈએસ્ટ $22 બિલિયનના વેલ્યુએશનનો માત્ર એક ભાગ છે. બાયજુ રવીન્દ્રને પોતાની કારકિર્દી ગણિતના શિક્ષક તરીકે શરૂ કરી હતી.

## રેપો રેટમાં સતત સાતમી વખત કોઈ બદલાવ નહીં

■ નવી દિલ્લી


ભારતીય રિઝર્વ બેંક (RBI)એ સતત 7મી વખત વ્યાજ દરોમાં કોઈ બદલાવ કર્યો નથી. RBIએ વ્યાજ દર 6.5% પર યથાવત રાખ્યો છે. RBIએ છેલ્લે ફેબ્રુઆરી 2023માં દર 0.25% થી 6.5% વધાર્યા હતા.એવી અપેક્ષા હતી કે RBI ચૂંટણી પહેલા તેના નિર્ણયથી આશ્ચર્યચકિત કરશે, પરંતુ આરબીઆઈએ સાતમી વખત રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. તેનો અર્થ કે તમને હાલમાં EMIમાં કોઈ રાહત નહીં મળે. RBI ગવર્નર શક્તિકાંત દાસે 3 એપ્રિલથી ચાલી રહેલી મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપી હતી. દર બે મહિને આ બેઠક યોજાય છે. RBIએ ફેબ્રુઆરીમાં યોજાયેલી તેની અગાઉની બેઠકમાં વ્યાજદરમાં વધારો કર્યો ન હતો. RBI આ વખતે પણ વ્યાજ દરમાં કોઈ ફેરફાર કર્યો નહીં નિષ્ણાતોના મતે આ વખતે પણ RBI રેપો રેટ એટલે કે વ્યાજ દરમાં કોઈ ફેરફાર કર્યો નહીં. હાલમાં રેપો રેટ 6.50% પર યથાવત રાખવામાં આવ્યો છે.

# ગુજરાતના પનોતા પુત્ર ડૉક્ટર શૈલેષ ઠાકરનું વધુ એક સન્માન

### ઈજીપ્તના કૈરોમાં IFTDOના કાર્યક્રમમાં આમંત્રિત કરાયા

■ અમદાવાદ

ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ટ્રેનિંગ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (IFTDO) કે જે તેના 50માં વર્ષની જાજરમાન ઉજવણી ઈજીપ્તના કેરો ખાતે કરી રહ્યું છે, તે ઉજવણી સમારંભના મુખ્ય મહેમાન તથા મુખ્ય વક્તા તરીકેનું સન્માન ગુજરાતના પનોતા પુત્ર એવા શ્રી ડો. શૈલેષ ઠાકરને આપવામાં આવેલ છે. તે દરેક ગુજરાતી તથા દરેક ભારતવાસી માટે ખુબજ ગર્વની બાબત છે. ડૉ. શૈલેષ ઠાકર વિશ્વમાં સતત પ્રદર્શન સાથે ટોપ 5 માં સ્થાન મેળવી શકે છે જે તેમને દંતકથાના સ્તરે લાવે છે. IFLD, USA એ વિશ્વના ટોચના 7માં માર્ગદર્શક - વર્ષ 2024માં જાહેર કર્યા હતા અને તેમને યાદીમાં સ્થાન આપ્યું હતું. ડો. શૈલેષ ઠાકરને જે વિષય પર વાત કરવાના છે તે છે “નેતૃત્વ”, સફળતા એ નફા કરતા અલગ તથા મહત્વની બાબત છે. વિશ્વમાંથી 7 માર્ગદર્શકોની પસંદગી કરવામાં આવી છે અને ડો. શૈલેષ ઠાકર 34 વર્ષના અથાક રોકાણ કર્યા બાદ IFTDOની યાદીમાં ભારતીય છે.



### ગ્લોબલ લીડરશીપ ગુરુ તરીકે ખ્યાતનામ છે શૈલેષ ઠાકર

વિકિપીડિયાએ દુનિયાના ટોચના 7 માર્ગદર્શકોની યાદી જાહેર કરી છે. જેમાં ટોપ 7 લોકોની યાદીમાં ડૉ.ઠાકર છે. IFTDO એ તેમની હાજરી સાથે 50મા વર્ષની ઉજવણી કરી હતી. WBF (વર્લ્ડ બિઝનેસ ફોરમ) એ અણધાર્યા ભવિષ્ય માટે 22 ઓક્ટોબર 2024ના રોજ તેમને ન્યૂયોર્કમાં આમંત્રણ આપ્યું હતું. MG100 કોચને યાદીમાં સામેલ કર્યા હતા અને તેમને ઉત્કૃષ્ટ માર્ગદર્શક તરીકે દર્શાવ્યા હતા. ડો. શૈલેષ ઠાકર નેતૃત્વમાં ટોચના અવાજ તરીકે ઓળખાય છે અને ગુજરાતી, ભારતીય તરીકે ગર્વ અનુભવે છે. લીડરશીપમાં તેને ટોચના 200 અવાજોમાં જોડ્યો હતો અને તેને સ્થાન આપ્યું હતું. ડૉ. ઠાકરે મેનેજમેન્ટના જ્ઞાન દ્વારા તેમના જીવનકાળ દરમ્યાનમાં 100 બહુરાષ્ટ્રીય કંપનીઓ (MNC) અને 400 રાષ્ટ્રીય કંપનીઓને (NC) ને નફો કરતી તથા તેમનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરાવ્યું હતું.મેં મારા જીવનનું સર્વશ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કર્યો છે.

## તંત્રીસ્થાનેથી...

# વિન્ડ, સોલાર, ગ્રીન અને ન્યુક્લિયર એનર્જી પર મદાર



**દેશમાં** તથા વૈશ્વિક સ્તરે વૈકલ્પીક એનર્જીમાં વિવિધ ક્ષેત્રોનો વ્યાપ વધી રહ્યો છે. પવન ઊર્જા (વિન્ડ એનર્જી) તથા સોલાર એનર્જી પછી હવે ગ્રીન એનર્જીમાં હાઈડ્રોજનનું નામ પણ જોડાયું છે ત્યારે ન્યુક્લીયર એનર્જીમાં યુરેનીયમનું નામ સૌથી મોખરે લેવાતું થયું છે. વિશ્વ બજારના ખેલાડીઓના જણાવ્યા મુજબ વૈશ્વિક યુરેનીયમની બજારમાં હાલ શોર્ટ સપ્લાય જેવી સ્થિતિ પ્રવર્તતી જોવા મળી છે. થોડાં વર્ષ અગાઉથી સરખામણી કરીએ તો હાલ યુરેનીયમની બજાર સપ્લાયના સંદર્ભમાં વધુ ટાઈટ જણાઈ રહી છે. યુરેનીયમના બજાર ભાવ પણ ઉંચા ગયા છે. ૨૦૧૮ અગાઉના વર્ષોમાં વૈશ્વિક સ્તરે યુરેનીયમમાં માગ ઓછી અને સપ્લાય વધુ જેવી સ્થિતિ પ્રવર્તતી હતી પરંતુ ત્યારબાદ સિનારીયો બદલાતો જોવા મળ્યો છે તથા હવે યુરેનીયમમાં માગ વધુ અને તેની સરખામણીએ સપ્લાય ઓછી જેવી પરિસ્થિતિ જોવા મળી છે. માર્જીન કોસ્ટ ઓફ પ્રોડકશનના પગલે વિશ્વ બજારમાં યુરેનીયમના ઉત્પાદનમાં તાજેતરના વર્ષોમાં પીછેહટ જોવા મળી છે. વૈશ્વિક સ્તરે ફુકુશીમા પછી યુરેનીયમનો સ્ટોક વધતો રહ્યો હતો. જો કે ત્યારબાદ યુરેનીયમનાં સ્ટોકમાં પીછેહટ શરૂ થઈ હતી તથા યુરેનીયમના ભાવ ઉંચા જતા જોવા મળ્યા હતા. તથા યુરેનીયમની માગ પણ આ ગાળામાં વધતી જોવા મળી હતી. હવે યુરેનીયમના ઉત્પાદકો માટે આગામી ભવિષ્ય ઉજળું જણાઈ રહ્યું છે.

દુબઈમાં ગયા વર્ષે યુનાઈટેડ નેશન્સની કલાઈમેટ ચેન્જ પરિષદ મળી હતી. આ વખતે એ વાત સ્પષ્ટ બની હતી કે મોટાભાગના વિકસીત દેશો તથા ઔદ્યોગિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતી કરનારા દેશો ફોસ્સીલ ફ્યુઅલનો વપરાશ ઘટાડી દેવા કટીબદ્ધ બન્યા છે. આવા ફોસ્સીલ ફ્યુઅલના વપરાશથી હવામાનમાં પ્રદુષણ વધતું હોય છે તથા આવું પ્રદુષણ ઘટાડવા આવા ફોસ્સીલ ફ્યુઅલનો વપરાશ ઘટાડવા આ દેશો કટીબદ્ધ બન્યાના વાવડ મળ્યા હતા. આવા ૨૨ દેશોએ ૨૦૫૦ સુધીમાં ન્યુકલીયર ક્ષમતા (કેપેસીટી) વધારી ત્રણ ગણી કરવાનો નિર્ણય આ પરિષદમાં કર્યો હતો. પ્રદૂષણ ઘટાડવું હોય તો ન્યુકલીયર પાવર અત્યંત આવશ્યક હોવાનું આ દેશોના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું. આમ થશે તો કલીન એનર્જીનો વ્યાપ વધારી શકાશે એવું સૂત્રોએ જણાવ્યું હતું. ન્યુ કલીયર બજારમાં ૨૦૨૩માં ખાસ્સો ગરમાટો જોવા મળ્યો હતો અને ૨૦૨૪નો આરંભ પણ તેજીમય રહ્યો હતો. ન્યુકલીયર એનર્જીના પગલે વિજળીના થતા ઉત્પાદનમાં ગ્રીન હાઉસ ગેસીસનું એમીસન થતું નથી અને તેના કારણે આવી એનર્જીનું મહત્ત્વ વધતું જોવા મળ્યું છે. વિશ્વ બજારમાં યુરેનીયમની બજારમાં સતત ૧૦ મહિના તેજીની આગેકૂચ જોવા મળ્યા પછી જો કે તાજેતરમાં આશરે દોઢ મહિનાના ગાળામાં યુરેનીયમના ભાવમાં ઉંચા મથાળેથી આશરે ૨૧થી ૨૨ ટકાનો પ્રત્યાઘાતી ઘટાડો પણ જોવા મળ્યો છે .જોકે પ્રત્યાઘાતી ઘટાડાના પગલે યુરેનીયમની બજાર હવે વધુ તંદુરસ્ત બની છે અને હવે આગળ ઉપર બજારમાં ફરી ઉંચે જવાની શક્યતા બજારના એનાલીસ્ટો બતાવી રહ્યા હતા. ન્યુકલીયર ફ્યુએલ યુરેનીયમ હકીકતમાં લાંબી રેસનો ઘોડો છે તથા આ ઘોડો હવે ગતી પકડી રહ્યો છે. ન્યુ કલીયર ઈન્ડસ્ટ્રી રિસર્ચ સંસ્થા યુએકસ્સીના સૂત્રોના જણાવ્યા મુજબ આગામી સમયમાં માગમાં ખાસ્સી વૃદ્ધી થવાની શક્યતા છે તથા આ ગાળામાં સપ્લાય સાઈડ કેવી રહે છે તેના પર બજારની ચાલનો આધાર રહ્યો છે. વિશ્વ બજારમાં યુરેનીયમના ભાવ આ વર્ષે ફેબ્રુઆરીમાં ઉછળી ઉંચામાં ૧૬ વર્ષની ટોચે પહોંચ્યા હતા અને ત્યારબાદ અત્યાર સુધીના ગાળામાં ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડા વચ્ચે તાજેતરમાં ભાવ રતલદીઠ ૮૮થી ૮૯ ડોલર વચ્ચે ટ્રેડ થતાં જોવા મળ્યા હતા. ગયા વર્ષે યુરેનીયમના સરેરાશ ભાવ ૬૬થી ૬૭ ડોલર નોંધાયા હતા. યુરેનીયમના ભાવમાં ૮૫ ડોલર આસપાસના ભાવ બોટમ ભાવ મનાઈ રહ્યા હોવાનું બજારના એનાલીસ્ટો જણાવી રહ્યા હતા. યુરેનીયમ માટે વિવિધ દેશોની માગ વધી રહી છે. યુરેનીયમનું ઉત્પાદન વિશેષરૂપે કેનેડા તથા કઝાકીસ્તાનમાં મુખ્યત્વે થાય છે તથા આ બે દેશોના યુરેનીયમ ઉત્પાદકોના જણાવ્યા મુજબ આગામી વર્ષોમાં યુરેનીયમનો પુરવઠો ઘટતો જોવા મળશે એવી ભીતિ જણાઈ રહી છે. કઝાકીસ્તાનના નંબર વન ઉત્પાદકના જણાવ્યા મુજબ ૨૦૩૦ સુધીમાં યુરેનીયમમાં સપ્લાય ડેફીસીટ વધી આશરે ૨૧૦ લાખ રતલ થવાનીશક્યતા છે. તથા ૨૦૪૦ સુધીમાં આવી ડેફીસીટ વધી ૧૪૭૦ લાખ રતલ થવાની શક્યતા છે.

# ગ્લોબલ વોર્મિંગની ચિંતા કરવી હોય તો દુનિયામાં વસ્તી વધારો કંટ્રોલમાં જરૂરી

## વિચાર મંથન



**અમે** તો છેને પર્યાવરણમાં બહુ માનીએ એટલે છેને અમે પેટ્રોલથી ચાલતી કાર કાઢીને હાઈબ્રિડ કાર લેવાનું વિચારીએ છીએ. પછી તો અમે કાર જ કાઢી નાખવાના છીએ. અમે છેને ઘરમાંથી બધા જૂના બલ્બ અને ટયુબલાઈટ કાઢી નાખી છે ને એની જગ્યાએ ઓછી વિજળી બાળે એવા નવીન પ્રકારના બલ્બ ફિટ કરાવ્યા છે. પ્લેન પુષ્કળ પ્રદૂષણ પેદા કરે છે એટલે અમે છેને બને ત્યાં સુધી ફ્લાઈટને બદલે ટ્રેનમાં પ્રવાસ કરવાનો આગ્રહ રાખીએ છીએ. અમે છેને મોટે ભાગે રિસાઈકલ થયેલી આઈટમો જ વાપરીએ છીએ. અમે તો રહ્યા પર્યાવરણપ્રેમી, એટલે અમે છેને-

બસ! બહુ થયો પર્યાવરણપ્રેમ. આવાં ઝીણાં ઝીણાં કૃત્યો કરતાં રહીને આપણને કૃત્રિમ સંતોષ અને સાચો ઘમંડ થાય છે કે ભઈ, હું તો એક બહુ જાગ્રત નાગરિક છું, મને પર્યાવરણની પરવા છે એટલે મારા થકી ઓછામાં ઓછો કાર્બન ડાયોક્સાઈડ પેદા થાય તે માટે સતત પ્રયત્નશીલ રહું છું. આવું વિચારતી વખતે આપણને ખબર હોતી નથી કે પર્યાવરણ બચાવવાના નામે કરવામાં આવતી આ બધી ચેષ્ટાઓ થૂંકના સાંધા જેવી છે. તમને શું લાગે છે, આ ચેષ્ટાઓ દ્વારા તમે કેટલું ઓછું કાર્બન ડાયોક્સાઈડ પેદા કરો છો? જોઈએ.

તમે પરંપરાગત બલ્બ અને ટયુબલાઈટની જગ્યાએ એલઈડી લાઈટનો ઉપયોગ કરીને એક વર્ષમાં ફક્ત ૦.૧ ટન કાર્બન ડાયોક્સાઈડ બચાવો છો. રિસાઈકલ માલનો ઉપયોગ કરીને ૦.૨૧ ટન, પેટ્રોલ કારને બદલે હાઈબ્રિડ કાર વાપરીને ૦.૫૨ ટન, કાર સદંતર વાપરવાનું બંધ કરીને ૧.૧૫ ટન, શાકાહાર અપનાવીને ૦.૮૨ ટન અને ટ્રાન્સએટલાન્ટિક ફ્લાઈટની એક રાઉન્ડ-ટ્રિપ ન કરીને ૧.૬ ટન કાર્બન ડાયોક્સાઈડ પ્રતિ વર્ષ ઓછું પેદા કરો છો. આને બદલે જો તમે એક બાળક ઓછું પેદા કર્યું હોત તો પ્રતિ વર્ષ અધધધ ૫૮.૬ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જિત થતો અટકાવી શક્યા હોત!

સાંભળવા-વાંચવામાં બહુ આકરી લાગે એવી આ વાત છે. સંતાન પેદા કરવું કે ન કરવું યા તો કેટલાં સંતાન પેદા કરવાં તે માણસમાત્રની અંગત પસંદગી છે. કબૂલ. ગમે કે ન ગમે, પણ સાથે સાથે એ વાત પણ કબૂલવી પડે કે કાર્બન ડાયોક્સાઈડ પેદા કરતો એક મોટો સ્રોત માણસ પોતે છે. ધરતી પર અવતરતો પ્રત્યેક માણસ આખા જીવન દરમિયાન દર વર્ષે સરેરાશ ૫૮.૬ ટન કાર્બન ડાયોક્સાઈડ પેદા કરી નાખે છે... અને આજે પૃથ્વીની વસતી આઠ અબજને આંબી ગઈ છે. આ આંકડો વધતો જ જાય છે. માનવવસતી અને ક્લાઈમેટ ચેન્જ વચ્ચે સીધો સંબંધ છે. જે દંપતીઓ બેને બદલે એક જ બાળક પેદાં કરે છે તેઓ પ્રર્યાવરણ પર મોટો ઉપકાર કરે છે. અમુક દંપતીઓ ભોગવિલાસ માટે કે જવાબદારી ન ઉઠાવવા માટે કે બીજા કોઈ પણ કારણસર એક પણ સંતાન પેદાં કરતાં નથી. તેમને ખબર નથી કે સ્વેચ્છાએ ચાઈલ્ડલેસ રહીને એમણે પર્યાવરણ પર કેટલો મોટો અહેસાન કર્યો છે. ગ્લોબલ વોર્મિંગ આજના સમયની સૌથી ભીષણ સમસ્યા છે અને તેના વિશે સૌથી ઓછી ચર્ચા થાય છે. માણસજાત સહિત સમગ્ર સજીવસૃષ્ટિના અસ્તિત્ત્વ પર ભયાનક ખતરો પેદા થઈ ચૂક્યો છે, પણ કોણ જાણે કેમ, આપણને આ વાતની ગંભીરતા સમજાતી જ નથી. ગ્લોબલ વોર્મિંગ રિઅલ ઈશ્યુ છે, પણ આપણે તેને બદલે બીજા તદ્દન ફાલતુ ઈશ્યુઝમાં અટવાયા કરીએ છીએ.

ગ્લોબલ વોર્મિંગ એટલે પૃથ્વીનું વધતું જતું તાપમાન. ગ્લોબલ વોમગની વાત આવે ત્યારે પેરિસ એગ્રીમેન્ટનો ઉલ્લેખ જરૂર થાય છે. ૨૦૧૫માં પેરિસ એગ્રીમેન્ટ હેઠળ દુનિયાભરના ૧૯૦ દેશો એક વાતે સહમત થયા હતા કે ગ્લોબલ વોમગનું લેવલ ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી વધવું ન જોઈએ. આપણે સતત સાંભળ્યા કરીએ છીએ કે જો પૃથ્વીનું તાપમાન દોઢ ડિગ્રી વધી જશે તો ખૂબ ખાનાખરાબી થશેને પ્રકૃતિનો ભયંકર પ્રકોપ વેઠવો પડશે. આ 'દોઢ ડિગ્રી ગ્લોબલ વોમગ' એટલે એક્ઝેક્ટલી શું? દુનિયાના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી તુઓમાં અલગ અલગ તાપમાન નોંધાતું રહે છે. મહત્તમ તાપમાન કેલિફોનયા (અમેરિકા)ની ફર્નેસ વેલીમાં નોંધાયું છે (૫૬.૭ ડિગ્રી સેલ્સિયસ), જ્યારે ઈસ્ટર્ન એન્ટાર્કટિક પ્લેટો પર દુનિયાનું સૌથી નીચું તાપમાન નોંધાયું છે (માઈનસ ૯૪ ડિગ્રી સેલ્સિયસ). વિદેશની ક્યાં વાત કરવી, આપણા લદ્દાખમાં જ શિયાળામાં ઠંડી માઈનસ ૪૨ ડિગ્રી સુધી જતી રહે છે, જ્યારે ગરમીથી ધખધખતા રાજસ્થાનના શ્રીગંગાનગરમાં પારો ૫૦ ડિગ્રી સુધી પહોંચી જાય છે. તાપમાનની આટલી મોટી રેન્જ હોય ત્યારે ગ્લોબલ વોર્મિંગની દોઢ ડિગ્રીનો વધારો કેવી રીતે, ક્યાંથી ગણવો?

તો શું આ પેરિસ એગ્રીમેન્ટ પછી દુનિયાભરના દેશોએ ડાહ્યાડમરા થઈને પ્રદૂષણ પેદા કરતી પ્રવૃત્તિઓ પર બ્રેક મારી દીધી? ના રે ના. હોતું હશે? વર્લ્ડ બેન્કનો રિપોર્ટમાં સ્પષ્ટ ચેતવણી અપાઈ છે કે જો માનવજાત સુધરશે નહીં અને ગ્લોબલ વોમગ આ જ ગતિથી વધતું જશે તો આ સદીની અંત સુધીમાં પૃથ્વીનું સરેરાશ તાપમાન ચાર ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી જશે. ક્યાં દોઢ ડિગ્રીની લાલ બત્તી ને ક્યાં ચાર ડિગ્રી!

### ઈમિગ્રેશન લૉ પ્રમાણે કોઈપણને શરણાગતિ માગવાનો અધિકાર

# અમેરિકામાં અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રેન્ટ્સનું હવે શું થશે?

**અમેરિકામાં** પ્રેસિડેન્ટની ચૂંટણી રસપ્રદ બની રહી છે. આમ તો ચૂંટણીમાં અનેક મુદ્દાઓ ચર્ચાઈ રહ્યા છે. જેમાથી બોર્ડર સુરક્ષા, ચીન, ઈકોનોમી, રશિયા-યુક્રેન યુદ્ધનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે અમેરિકામાં અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રેન્ટ્સનો મુદ્દો પણ ચર્ચાના સ્થાને છે. ટ્રમ્પ હાલ એવા દાવા કરી રહ્યા છે કે પોતે જો ફરીવાર પ્રેસિડેન્ટ પદે ચૂંટાશે તો અનેક અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રેન્ટ્સને ડિપોર્ટ કરી દેશે. તાજેતરમાં અમેરિકાની સેનેટમાં એક બિલ લાવવામાં આવ્યું હતું, જેનો હેતુ ઈમિગ્રેશન ડિટેન્શન કેપેલિટી વધારવા ઉપરાંત ડિપોર્ટેશનની પ્રોસેસને ઝડપી બનાવવા માટે 4300 અસાયલમ ઓફિસર્સ હાયર કરવાનો હતો. જેના માટે 6 બિલિયન ડોલરના ફંડને મંજૂર કરવા લાવવામાં આવેલું પરંતુ આ બિલ પાસ નહોતું થઈ શક્યું. જો આ બિલ પાસ થઈ ગયું હોત તો અમેરિકામાં ઈલીગલી આવેલા લોકોને લાંબો સમય જેલમાં રાખવા અને તેમને ડિપોર્ટ કરવાની કામગીરી ઝડપી બનાવી શકાઈ હોત.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા મે 2023થી લઈને ફેબ્રુઆરી 2024ના ગાળામાં 1.15 લાખ માઈગ્રન્ટ્સના ક્રેડિબલ ફિયર ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ 1,000 જેટલા અસાયલમ ઓફિસર્સને આ કામમાં લગાડ્યા છે, અને આવનારા સમયમાં તેને વધુ ઝડપી બનાવવા વધુ ઓફિસર્સને ટ્રેનિંગ અપાઈ રહી છે. જે ગાળામાં બોર્ડર ક્રોસ કરીને આવેલા 1.15 લાખ માઈગ્રન્ટ્સના ક્રેડિબલ ફિયર ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા તે જ ગાળામાં બોર્ડર ક્રોસ કરનારા લોકોની સંખ્યા 17 લાખ નોંધાઈ હતી, મતલબ કે બોર્ડર ક્રોસ કરીને આવનારા 10 ટકાથી પણ ઓછા લોકોના ક્રેડિબલ ફિયર ઈન્ટરવ્યુ થઈ શક્યા હતા. હાલ સ્થિતિ એ છે કે અમેરિકા પાસે બોર્ડર ક્રોસ કરીને આવેલા લોકોને ડિટેન્શનમાં રાખવાની જગ્યા ન હોવાથી માઈગ્રન્ટ્સને કોર્ટમાં હાજર થવાની તારીખ આપીને રિલીઝ કરવામાં આવી રહ્યા છે. જેથી હવે આખી સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવી રહી છે તેને જોતા એવું ચોક્કસ કહી શકાય કે ટ્રમ્પ ફરી અમેરિકાના પ્રેસિડેન્ટ બને કે ના બને, પરંતુ હવે અસાયલમ માટે ખોટા દાવાઓ કરતા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ પર સકંજો કસવાની અમેરિકા પૂરી તૈયારી કરી રહ્યું છે.



અનંત
સંદીપ હીરપરા

બાઈડન સરકારનું માનવુ છે કે આવનારા સમયમાં ઈલીગલ ક્રોસિંગ ઘટશે. પરંતુ મેક્સિકો બોર્ડર પર અંધાધૂંધી સર્જાય તો ચૂંટણી ટાણે ટ્રમ્પને મોકો મળી જશે અને બાઈડનને તેનાથી સીધું નુક્સાન થશે. ટ્રમ્પ માઈગ્રન્ટ્સને ક્રિમિનલ્સ, આતંકવાદી તેમજ પાગલ કહેવાની સાથે-સાથે જો બાઈડનને પણ છેલ્લા બે વર્ષોથી સર્જાયેલી પરિસ્થિતિ માટે સીધા જવાબદાર ઠેરવી રહ્યા છે અને તેનો તેમને ભરપૂર રાજકીય ફાયદો પણ મળી રહ્યો છે.



## Gadgets ગુરૂ

### BMW 620d M સ્પોર્ટ 78.9 લાખમાં લોન્ચ

BMW ઈન્ડિયાએ બુધવારે ભારતમાં BMW 620d M સ્પોર્ટ સિગ્નેચર લોન્ચ કર્યું છે. કંપનીએ આ 6 સિરીઝની લક્ઝુરિયસ સેડાનની કિંમત 78.90 લાખ રૂપિયા રાખી છે. પહેલા આ મોડલ માત્ર પેટ્રોલ એન્જિન સાથે ઉપલબ્ધ હતું, હવે કંપનીએ તેનું ડીઝલ વેરિયન્ટ લોન્ચ કરવામાં આવ્યું છે. આ કાર ભારતમાં Mercedes-Benz E-Class અને Audi A6ને ટક્કર આપશે આ કારનું ઉત્પાદન ચેન્નાઈના BMW ગ્રુપ પ્લાન્ટમાં સ્થાનિક લેવલે કરવામાં આવશે.

- સોફ્ટ-ક્લોઝ ડોર
- ફુલ-ઈલેક્ટ્રિક એડજસ્ટેબલ કમ્ફર્ટ ફ્રન્ટ સીટ
- 2.0-લિટર 4-સિલિન્ડર ડીઝલ એન્જિન
- 188bhpનો પાવર
- 400Nmનો ટોર્ક
- 12.3-ઈંચની સ્ક્રીન

ભારતમાં લોકસભાની ચૂંટણીનો જવર અમેરિકામાં પણ પ્રસર્યો

# ઈન્ડિયન અમેરિકન્સે 20 શહેરોમાં કાર રેલી યોજી, ભાજપને મત આપવા અપીલ

### 200 કાર, 300 પાર્ટીસીપન્ટસ મોદીનાં સમર્થનમાં નીકળી પડ્યા, મોટર ઉપર ભાજપ તરફી બેનર્સ અને ફ્લેગ્સ

■ ન્યૂયોર્ક

ભારતનો ચૂંટણી ફીવર અમેરિકામાં વસતા ભારતવંશીઓએ લાગુ પડી ગયો છે. અમેરિકામાં ૨૦ શહેરોમાં ભાજપના સમર્થકોએ વડાપ્રધાન મોદી, સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી બને અને ભાજપનાં નેતૃત્વ નીચેનું એનડીએ ગઠબંધન ત્રીજી વખત સરકાર બનાવે તેવી આશા વ્યક્ત કરતા નારા પણ લગાવ્યા હતા.દરેકે દરેક કાર ઉપર ભાજપ તરફી બેનર્સ હતા. તેમજ ભાજપના ફ્લેગ ફરકતા જોવા મળ્યા હતા. તે સર્વવિદિત છે કે ભારતમાં લોકસભાની ચૂંટણી તા. ૧૯મી એપ્રિલથી ૧લી જુન સુધી ૭ તબક્કામાં યોજાવાની છે. તે ચૂંટણીમાં ભાજપના સમર્થકો ૨૦૦ મોટરો લઈ નીકળી પડયા હતા.

તેમાં કુલ ૩૦૦ પાર્ટીસીપન્ટસ હતા. આ ઉપરથી સાબિત થાય છે કે ચૂંટણી ફીવર માત્ર ભારતના જ નાગરિકોને નહીં, પરંતુ વિદેશોમાં વસતા ભારત-વંશીઓને પણ લાગુ પડયો છે. આથી ભારતીય જનતા પાર્ટીના ટેકેદારોએ અમેરિકામાં ૨૦ શહેરોમાં કાર રેલી યોજી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વિજયી બનાવવા સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. સાથે ભારતના લોકોને ભાજપનાં નેતૃત્વ નીચેનાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)એ ૪૦૦થી વધુ બેઠકો અપાવવા અનુરોધ કર્યો હતો.










# અમેરિકાએ રાતા સમુદ્રમાં રૌદ્ર સ્વરૂપ દર્શાવ્યું

### હુતીના ભયજનક ડ્રોન વિમાનોનો ખાત્મો બોલાવ્યો

■ વોશિંગ્ટન



અમેરિકી દળોએ યુદ્ધગ્રસ્ત અમનના હુતી વિદ્રોહીઓના કબ્જા નીચેનાં ક્ષેત્રમાં એક ડ્રોન વિમાનનો નાશ કર્યો હતો. તેમજ રાતા સમુદ્રમાં રહેલા મહત્વના જળમાર્ગ ઉપર પણ એક ડ્રોન વિમાનનો નાશ કર્યો હતો. આ માહિતી આપતા અમેરિકાની સેનાએ જણાવ્યું હતું કે ઈરાન સમર્પિત વિદ્રોહીઓ અને અમેરિકા વચ્ચે મહિનાઓથી વધતી રહેલી તંગદિલી વચ્ચે આ તાજી ઘટના બની છે.હુતી વિદ્રોહીઓએ રાતા સમુદ્રમાંથી ઈઝરાયલ તરફ જ્યાં તમામ જહાજોને નિશાન બનાવવાની ચેતવણી આપી હતી. આ અંગે અમેરિકાના 'સેન્ટ્રલ-કમાન્ડે' રવિવારે જ જણાવી દીધું હતું કે શનિવારે સવારે નાશ કરેલા ડ્રોન વિમાનો વાસ્તવમાં અમેરિકા અને તેના સાથી રાષ્ટ્રોના જહાજો ઉપરાંત અન્ય વ્યાપારી જહાજોની સુરક્ષા માટે આમ કરવું અનિવાર્ય હતું. જોકે આ ઘટના અંગે હુતી વિદ્રોહીઓ દ્વારા કોઈ ટિપ્પણી કરવામાં આવી ન હતી. યમનના ઉત્તર અને પશ્ચિમના વિસ્તારો ઉપર નિયંત્રણ છે. પહેલી જ વખત તે નથી બન્યું કે જ્યારે અમેરિકાએ આવી કાર્યવાહી કરી હોય.

# હિન્દુઓ પર હુમલા અને મંદિરોમાં તોડફોડ વધી

### સાંસદોએ પત્ર લખી FBI પાસે જવાબ માગ્યો

■ વોશિંગ્ટન




અમેરિકામાં હિન્દુઓ ઉપર હુમલા વધી રહ્યા છે, સાથે મંદિરોમાં તોડફોડ વધી રહી છે. આથી ત્યાં વસતા હિન્દુ-સમાજમાં ચિંતા ફેલાઈ રહી છે. અમેરિકાના પાંચ સાંસદોએ ન્યાય વિભાગ અને સંઘીય તપાસ સંસ્થા ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટીગેશન એફબીઆઈને પત્રો લખી જણાવ્યું છે કે આ વર્ષે પણ દેશમાં હિન્દુઓ વિરૂદ્ધ ઘૃણા આધારિત અપરાધો તેમજ મંદિરોમાં થતી તોડફોડની કેટલી ઘટનાઓ બની તે જણાવો. આ સાંસદોમાં રાજા કૃષ્ણમૂર્તિ, રો ખન્ના, શ્રી થાણેદાર, પ્રમીલા જયપાલ અને સમી બેરા સામેલ છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૪ના પ્રારંભથી જ કેલિફોર્નિયામાં શેરાવાલી મંદિરની બહાર દિવાલો પર ખાલીસ્તાન સમર્થક નારા લખવામાં આવ્યા હતા. તેના થોડા દિવસો પૂર્વે શિવદુર્ગા મંદિરમાં ચોરીની ઘટના બની હતી. જ્યારે કેલિફોર્નિયામાં આવેલાં સ્વામીનારાયણ મંદિર ઉપર પણ હુમલો કરવામાં આવ્યો હતો.ભારત વંશીય સાંસદોએ તે પત્રમાં લખ્યું હતું કે હિન્દુ સમુદાય આ પક્ષપાત પૂર્ણ અપરાધોમાં કાનૂની કાર્યવાહી અંગે ચિંતિત છે.

## NEWS FILE

### યુએસ સંરક્ષણ વિભાગે AI પાછળ ખર્ચ વધાર્યો, વર્ષ 2022માં 2,960 કરોડ રૂપિયા



વૉશિંગ્ટનઃ અમેરિકામાં એઆઇ પાછળ કરાયેલા ખર્ચમાં જંગી વધારો જોવા મળી રહ્યો છે. આનું મુખ્ય કારણ સંરક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલું જંગી રોકાણ છે. એક વર્ષમાં એઆઇ સાથે જોડાયેલા ફેડરલ કોન્ટ્રાક્ટમાં આશરે 1200 ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે. આ આંકડો વર્ષ 2022માં આશરે 2,960 કરોડ રૂપિયા હતો. જ્યારે વર્ષ 2023માં આશરે 38 હજાર કરોડ રૂપિયા સુધી આંકડો પહોંચી ગયો હતો. સંરક્ષણ વિભાગના એઆઇ સાથે સંબંધિત કોન્ટ્રાક્ટ 2022માં આશરે 1,584 કરોડના હતા જે વર્ષ 2023માં વધીને આશરે 4,644 કરોડ સુધી પહોંચી ગયા છે. અમેરિકન ફેડરલ એજન્સીઓને આ બાબત લોકોની વચ્ચે સાબિત કરવાની રહેશે કે એઆઈથી પ્રજાને કોઇ નુકસાન નથી. જો કોઇ પણ પ્રકારના નુકસાનની શક્યતા છે તો તેનો ઉપયોગ બંધ કરી દેવામાં આવે તે જરૂરી છે. ડિસેમ્બર સુધી દરેક એજન્સીની પાસે નક્કર સુરક્ષા સાથે સંબંધિત એક સેટ રહે તે ખૂબ જરૂરી છે. જે એજન્સીઓ સુરક્ષા માપદંડને પાળી શકવાની સ્થિતિમાં નથી તે સુરક્ષા સંસ્થાઓએ એઆઇ સિસ્ટમનો ઉપયોગ બંધ કરી દેવા જોઇએ.

### મને દુનિયાના નેતાઓએ કહ્યું છે, ટ્રમ્પને પરાજિત કરો: બાઈડેન



ન્યૂયોર્કઃ પોતાને ફરી નિર્વાચિત કરવા માટે ભારપૂર્વક નિવેદન કરતાં અમેરિકાના પ્રમુખ જો બાઈડેને કહ્યું હતું કે, ભારતમાં યોજાયેલી જી-૨૦ શિખર પરિષદ દરમિયાન ઉપસ્થિત તમામ અગ્રણીઓએ મને કહ્યું કે, ગમે તે થાય ૨૦૨૪માં ટ્રમ્પને વિજયી થવા ન દેતા, નહીં તો વિશ્વની લોકશાહીઓ ખતરામાં આવી જશે. ગુરૂવારે રાત્રે ન્યૂયોર્કમાં યોજાયેલી ડેમોક્રેટિક પાર્ટીની ફંડ રેઝિંગ સભામાં બોલતાં પ્રમુખ બાઈડેને કહ્યું હતું કે, આ નેતાઓ તો સ્પષ્ટ રીતે માને છે કે, તેઓની લોકશાહીઓ ખતરામાં આવી પડશે. આ સભા સમયે અમેરિકાના પૂર્વ ડેમોક્રેટ પ્રમુખ બિલ-ક્લિન્ટન અને બારાક ઓબામા પણ ઉપસ્થિત હતા.


# બાલ્ટીમોર ટ્રેજેડી પછી અમેરિકાની દશા માઠી બેઠી « વેપારને મોટાપાયે અસરની શક્યતા

### અન્ય બ્રિજ સાથે બાર્જ અથડાતાં ટ્રાફિક બંધ કરાયો

■ સેલીસૉ

અમેરિકામાં બાલ્ટીમોર બ્રિજ ટ્રેજેડી પછી સેલીસૉ પાસે, આર્કન્સાસ નદી ઉપરના બ્રિજ સાથે બાર્જ અથડાતાં સેલીસૉથી દક્ષિણનો તમામ ટ્રાફિક બંધ કરાયો છે, અને ટ્રાફિકને અન્ય માર્ગે ડાઈવર્ટ કરવામાં આવ્યો છે. કારણ કે, સાઉથ-યુ.એસ. હાઈવે નં. ૫૯ બંધ કરી દેવો પડયો છે. જો કે, આ અકસ્માતને લીધે કોઇને ઈજા થઈ હોવાનું હજી સુધી જાણવા મળ્યું નથી. આ અંગે ઑકલા હોલા સ્ટેટ પેટ્રોલે શનિવારે જણાવ્યું હતું કે બપોરે ૧.૨૫ કલાકે આ દુર્ઘટના બની હતી. તે ખબર મળતાં જ સ્ટેટ પોલીસ પેટ્રોલ ત્યાં પહોંચી ગઈ હતી અને ટ્રાફિકને ડાઈવર્ટ કરવાની વ્યવસ્થા હાથ ધરી હતી. આ માહિતી આપતાં સ્ટેટ પોલીસ પ્રવક્તા સારાહ સ્ટેવર્ટે કહ્યું કે, આ દુર્ઘટનાથી કોઈને ઈજા પણ થઈ હોવાનું હજી સુધી જાણવા મળ્યું નથી. આ બ્રિજ (બાલ્ટીમોર બ્રિજ) ફરી બાંધવા માટે મેરીલેન્ડને ફેડરલ રીઝર્વમાંથી ૬૦ મીલીયન ડોલર્સ આપવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

### માલવાહક જહાજો બ્રિજ માટે બની રહ્યા છે યમદૂત



આર્કન્સાસ નદી જ્યાં રોબર્ટ એસ કેશ રીઝવૉયર (તળાવ) માં ઠલવાય છે. તે સ્થળ નજીક જ આ બ્રિજ નદી ઉપર બાંધવામાં આવ્યો છે.આશ્ચર્ય તે વાતનું છે કે બાર્જ બ્રિજ સાથે (બ્રીજના એક પીલર સાથે) કઇ રીતે અથડાઈ ગયું તેનું કારણ હજી સુધી જાણી શકાયું નથી.બીજી તરફ મેરીલેન્ડમાં પેટેપ્સ્કો નદી પરના બ્રીજના થાંભલા સાથે વિશાળ કાર્ગો શિપ અથડાયા પછી ભાંગી ગયેલા બ્રિજનાં સ્ટીલ વર્કને ઉઠાવવા માટે શનિવારે ઈજનેરો કાર્યરત બની ગયા છે. આ બ્રિજ (બાલ્ટીમોર બ્રિજ) ફરી બાંધવા માટે મેરીલેન્ડને ફેડરલ રીઝર્વમાંથી ૬૦ મીલીયન ડોલર્સ આપવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

# ડલ્લાસમાં સિનિયર સિટીઝનના ગ્રુપે તહેવારની ઉજવણી કરી




ડલ્લાસઃ દેશની જેમ ભારતથી હજારો કિલોમીટર દૂર રહેતા ભારતીયોએ હોળી અને ધુળેટીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરી. ડલ્લાસમાં સિનિયર સિટીઝનના 150 સભ્યો ધરાવતા ગ્રુપે તહેવારના આ દિવસોમાં અનોખી રીતે સેલિબ્રેશન કર્યુ. સિનિયર સિટીઝન ફોરમના પ્રમુખ માધુભાઈ પટેલ અને ઉપ પ્રમુખ રોમાબેન પીઠડીયાએ સિનિયર સિટીઝનનો સાથ-સહકાર મેળવીને વિવિધ કાર્યક્રમનું આયોજન કર્યુ. જેમાં તમામ ગ્રુપના સભ્યો ડલ્લાસમાં આવેલ ગુરુકુળમાં પહોંચ્યા અને મંદિરમાં દર્શન કર્યા. ત્યારબાદ ધૂળેટીના તહેવારની મન ભરીને ઉજવણી કરી. જેમાં અબીલ અને ગુલાલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. છેલ્લા 10 વર્ષથી સિનિયર સિટીઝન ગુરુકુળ દ્વારા વર્ષ દરમિયાન અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગેરકાયદેસર પ્રવાસીનો મુદ્દો ઉઠાવ્યો

## એક-એકને પકડીને પાછા ધકેલીશું, શરણાર્થીઓને જાનવર કહ્યા

■ વોશિંગ્ટન

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ જો બાઈડેન પર હિંસાને મંજૂરી આપવાના આરોપ લગાવ્યા છે. મિશિગનમાં એક રેલી દરમિયાન ટ્રમ્પ ગેરકાયદે પ્રવાસીઓના મુદ્દા પર બોલી રહ્યા હતા. ટ્રમ્પે કહ્યું, “બાઈડેન યુએસ-મેક્સિકો બોર્ડર પર દેશમાં હિંસા કરવાની મંજૂરી આપી રહ્યા છે. અહીંથી આવતા ગેરકાયદેસર પ્રવાસી અમેરિકામાં લૂંટ, બળાત્કાર, નરસંહાર કરે છે. તેઓ આપણા દેશને બરબાદ કરી રહ્યા છે. આ ઘણું ખોટું છે.” ટ્રમ્પે ગેરકાયદેસર પ્રવાસીઓ (શરણાર્થીઓ)ને જાનવર પણ કહ્યા હતા. આ પહેલા તેમણે ઓહાયો રાજ્યમાં એક ચૂંટણી રેલી દરમિયાન પણ શરણાર્થીઓને જાનવર કહ્યા હતા. અમેરિકા-મેક્સિકો બોર્ડર મારફતે ગેરકાયદેસર પ્રવાસીઓ અમેરિકામાં ઘુસે છે. ટ્રમ્પ સરહદ બંધ કરવા માંગે છે.





# USમાં બહારથી આવીને રહેતા લોકો કેવી રીતે જિંદગી કરે છે પસાર? રિસર્ચમાં ખુલાસો

ન્યૂયોર્કઃ અમેરિકાની બહાર રહેતા લોકો ઘણીવાર વિચારે છે કે ત્યાં રહેતા લોકો વધુ કમાય છે અને સારું જીવન જીવે છે, પરંતુ વાસ્તવિકતા જુદી હોઈ શકે છે. પ્યુ રિસર્ચ સેન્ટર અનુસાર, અમેરિકામાં રહેતા એશિયન મૂળના 2.3 મિલિયન લોકોમાંથી મોટાભાગના લોકો ગરીબીમાં જીવે છે. પ્યુ રિસર્ચ, યુએસ સેન્સસ બ્યુરોના ડેટાનું વિશ્લેષણ કરીને અહેવાલ આપે છે કે દર 10 એશિયન અમેરિકનોમાંથી એક ગરીબીમાં જીવે છે. જોકે, ભારતીય-અમેરિકનો એશિયન મૂળના અન્ય નાગરિકો કરતાં વધુ સારું જીવન જીવી રહ્યા છે. ભારતીય-અમેરિકનોમાં ગરીબી દર 6 ટકા છે, જે એશિયન મૂળના અન્ય નાગરિકોની સરખામણીમાં સૌથી ઓછો છે. સંશોધન મુજબ, બર્મીઝ મૂળના નાગરિકોમાં ગરીબી દર 19 ટકા છે અને હમોંગ મૂળના અમેરિકનોમાં 17 ટકા છે.

**લોકો 25 વર્ષથી વધુ ઉંમરના છે** પ્યુ રિસર્ચ અભ્યાસ એ પણ દર્શાવે છે કે ગરીબીમાં જીવતા ત્રણમાંથી એક એશિયન-અમેરિકન 25 વર્ષથી વધુ ઉંમરના છે અને તેની પાસે સ્નાતકની ડિગ્રી છે. 25 વર્ષથી વધુ ઉંમરના અને સ્નાતકની ડિગ્રી ધરાવતા એશિયન અમેરિકનોમાં ગરીબી દર 5 ટકા છે. રિપોર્ટ અનુસાર, અમેરિકાના 10 મોટા શહેરોમાં એશિયન મૂળના 10 લાખથી વધુ નાગરિકો ગરીબી રેખા નીચે જીવે છે. ન્યૂયોર્ક સિટી, લોસ એન્જલસ અને સાન ફ્રાન્સિસ્કોમાં એક લાખથી વધુ એશિયન અમેરિકનો છે જેઓ ગરીબી રેખા નીચે જીવે છે. પ્યુ રિસર્ચ દ્વારા 2022 અને 2023માં એક સર્વે કરવામાં આવ્યો હતો અને તે બહાર આવ્યું હતું કે એશિયન મૂળના દર 10માંથી 8 નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.

## ખોરાક માટે ફૂડ બેંકો પર નિર્ભર

ગરીબી રેખા નીચે જીવતા 57 ટકા એશિયન અમેરિકનો પાસે કોઈ બચત નથી. જ્યારે, ગરીબી રેખાની ઉપર રહેતા 40 ટકા એશિયન અમેરિકનો બચત કરી શકતા નથી. એટલું જ નહીં, એશિયન મૂળના 38 ટકા પુખ્તો ખોરાક માટે ફૂડ બેંક અને ચેરિટેબલ ટ્રસ્ટ પર નિર્ભર છે.

## સ્વપ્ન ક્યારે સાકાર થશે?

દર વર્ષે એશિયન દેશોમાંથી લાખો લોકો તેમના સપના પૂરા કરવા અમેરિકા જાય છે. પરંતુ સંશોધન દર્શાવે છે કે 47 ટકા નાગરિકોને લાગે છે કે તેઓ અહીં આવીને ક્યારેય તેમના સપના પૂરા નહીં કરી શકે. જ્યારે, એશિયન મૂળના 15 ટકા લોકોને લાગે છે કે તેમને જે જોઈએ છે તે મળ્યું છે. તે જ સમયે, 36 ટકા માને છે કે તેઓ તેમના સપના પૂરા કરવાના માર્ગ પર છે. એશિયન મૂળના 91 ટકા લોકો માને છે કે જો તેઓને તેમની ઈચ્છા પ્રમાણે જીવવા મળે તો તે તેમના માટે એક સ્વપ્ન સાકાર થવા જેવું હશે. જ્યારે, 90 ટકા લોકો માને છે કે આરામથી નિવૃત્ત થવું એ તેમના સપનાની પરિપૂર્ણતા છે.

# બાઇડેનની ઇફ્તારમાં મુસ્લિમો ન આવ્યા « ગાઝા યુદ્ધમાં ઈઝરાયલના સમર્થન કરવા પર નારાજ થયા હોવાનો મત

## વ્હાઈટ હાઉસે રમઝાન સેલિબ્રેશન કેન્સલ કરવાની ફરજ પડી

■ વોશિંગ્ટન

ગાઝામાં ચાલી રહેલા યુદ્ધમાં ઈઝરાયલને સમર્થન આપવા બદલ અમેરિકન મુસ્લિમ નેતાઓ બાઈડેન પ્રશાસનથી નારાજ છે. જેના કારણે વ્હાઈટ હાઉસમાં રમજાનની ઉજવણી પર પણ અસર પડી છે. અમેરિકાના મુસ્લિમ નેતાઓએ બાઇડનની ઈફ્તાર પાર્ટીનું આમંત્રણ નકારી કાઢ્યું હતું. આ કારણે બાઈડેને રમઝાનની ઉજવણી રદ કરવી પડી હતી. જ્યારે ગયા વર્ષે વ્હાઈટ હાઉસમાં યોજાયેલી રમઝાન પાર્ટીમાં લોકોએ બાઈડેનને આઈ લવ યુ કહ્યું હતું. આ વખતે સ્થિતિ સાવ વિપરીત છે. મુસ્લિમોએ વ્હાઈટ હાઉસની બહાર વિરોધ કર્યો અને નમાઝ અદા કરી. બાઈડેને તેના રમઝાન રાત્રિભોજન માટે વ્હાઈટ હાઉસમાં કામ કરતા મુસ્લિમ અધિકારીઓને એકત્ર કરવા પડ્યા હતા. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, આ બેઠકમાં મુસ્લિમ નેતાઓએ ગાઝામાં યુદ્ધ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. કેટલાક તો અધવચ્ચે જ સભા છોડી ગયા હતા.

## ‘ડિનર કરતી વખતે ભૂખમરાની વાત કેવી રીતે કરવી’



પેલેસ્ટિનિયન-અમેરિકન ડૉક્ટર થાયર અહેમદ પણ બાઈડનને મળ્યા હતા. તેમણે કહ્યું કે ડિનર ટેબલ પર જમતી વખતે તમે ભૂખ વિશે કેવી રીતે વાત કરી શકો. ડો.અહેમદે બાઈડનને કહ્યું કે ઈઝરાયલ ગાઝામાં નરસંહાર કરી રહ્યું છે. તેમણે અમેરિકી રાષ્ટ્રપતિને રફાહમાં રહેતી 8 વર્ષની બાળકીનો પત્ર બતાવ્યો. જેમાં તેણે લખ્યું છે કે તે દરરોજ રાત્રે આ ડરથી સૂઈ જાય છે કે કોણ જાણે ક્યારે તેના તંબુઓને કચડી નાખશે. પત્રમાં બાળકીએ લખ્યું હતું કે ગાઝાના બાળકો પણ દુનિયાના બાળકોની જેમ શાંતિથી જીવવા માંગે છે. મુસ્લિમ નેતાઓ સાથેની બેઠકમાં બાઈડન ઉપરાંત યુએસ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ અને યુએસ ફર્સ્ટ લેડી જીલ બાઈડન અને યુએસ નેશનલ સિક્યુરિટી એડવાઈઝર (NSA) જેક સુલિવાન પણ હાજર હતા.

## ગુજરાતમાં દાયકાઓથી છે ક્ષત્રિયોનો દબદબો

# વટ, વચન અને વીરતાના પ્રતીક ક્ષત્રિયોનું 60 વર્ષથી છે વર્ચસ્વ

**અમદાવાદ: લોકસભા ચૂંટણી પહેલાં રામમંદિરનું નિર્માણ કરાવીને અને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 હટાવીને ભાજપે દેશની જનતા પાસે મત માગવાનું ફુલપ્રૂફ પ્લાનિંગ કરી લીધું હતું. એવામાં રાજકોટથી ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાની ક્ષત્રિયો પરની ટિપ્પણીએ એક નવા વિવાદને જન્મ આપ્યો. આ મામલો હવે ફક્ત રાજકોટ કે ગાંધીનગર પૂરતો નથી રહ્યો, પરંતુ દિલ્હી સુધી પહોંચ્યો છે. રૂપાલા સામે વિરોધપ્રદર્શન થઈ રહ્યાં છે. ભાજપ ક્ષત્રિય મતદારોને નારાજ રાખવા નથી માગતો, ભાજપે ક્ષત્રિય સમાજને મનાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. રૂપાલાની ઉમેદવારી પાછી ખેંચાવવા માટે રાજ્યભરમાં વિરોધની તલવાર તાણનારા ક્ષત્રિયોનો રાજકારણમાં 60 વર્ષથી દબદબો છે. રૂપાલા સામે ક્ષત્રિય સમાજની નારાજગી વચ્ચે અમે તમને ક્ષત્રિયો અને રજવાડાંના ચર્ચિત ચહેરાઓ અંગે જણાવી રહ્યા છીએ.**

## રજવાડાંથી માંડીને રાજકારણના એ ચર્ચિત ચહેરાઓ...

**રાજકોટ સીટનું ગણિત** ભાજપે રૂપાલાને જે બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા છે તે રાજકોટ બેઠક પર પાટીદાર મતદારો અંદાજે 5.26 લાખ છે. જ્યારે કોળી મતદારો અંદાજે 3.16 લાખ, માલધારી મતદારો અંદાજે 2.10 લાખ, મુસ્લિમ મતદારો અંદાજે 2.10 લાખ અને ક્ષત્રિય મતદારો અંદાજે 1.68 લાખ છે. જામનગર, ભાવનગર અને સુરેન્દ્રનગર આ 3 એવી લોકસભા બેઠક છે, જ્યાં ક્ષત્રિય સમાજની નારાજગી ભાજપને અસર કરી શકે છે.

**દિગ્વિજયસિંહ ઝાલા** વાંકાનેરના રાજવી પરિવારના સભ્ય દિગ્વિજયસિંહ ઝાલા 1980માં 84516 મતની લીડ અને 1984માં 36378 મતની લીડથી સુરેન્દ્રનગરના સાંસદ તરીકે ચૂંટાયા હતા અને ઈન્દિરા ગાંધીની સરકારમાં પર્યાવરણમંત્રી પણ બન્યા હતા. દિગ્વિજયસિંહના પિતા પ્રતાપસિંહ ઝાલા આઝાદી બાદ વાંકાનેરના પ્રથમ ધારાસભ્ય તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. દિગ્વિજયસિંહ ઝાલાના પુત્ર કેસરીદેવસિંહ ગુજરાતમાંથી ભાજપના રાજ્યસભાના સાંસદ છે.

**દોલતસિંહ જાડેજા** પૂર્વ ભારતીય ક્રિકેટર અજય જાડેજાના પિતા અને જામનગરના રાજવી પરિવારના સભ્ય દોલતસિંહ જાડેજા 1971માં 83944 મતની લીડ, 1980માં 57787 મતની લીડ અને 1984 23090 મતની લીડથી જામનગર બેઠક પરથી કોંગ્રેસના સાંસદ તરીકે ચૂંટાયા હતા. જોકે વર્ષ 1977માં 2670 મતે અને 1989ની ચૂંટણીમાં 45574 મતે તેમની હાર થઈ હતી.

**મનોહરસિંહ જાડેજા** રાજકોટના ઠાકોર સાહેબ મનોહરસિંહ જાડેજા દાદાના હુલામણા નામથી ઓળખાતા હતા. 1962માં પડધરીથી અપક્ષ તરીકે ચૂંટણી લડી અને જીત મેળવી હતી. તેઓ 1972થી કોંગ્રેસ સાથે જોડાયા હતા અને રાજ્યના આરોગ્ય તેમજ નાણામંત્રી પણ બન્યા હતા. મનોહરસિંહ જાડેજા 'રવિપિયુ'ના તખલ્લુસથી કવિતા પણ લખતા. મનોહરસિંહ જાડેજા સૌરાષ્ટ્રની ટીમ વતી 1955થી 1964 સુધીમાં 14 ફર્સ્ટ ક્લાસ મેચ રમ્યા હતા. જમણેરી બેટ્સમેન અને બોલર એવા દાદાએ 1957-58માં સૌરાષ્ટ્ર ટીમના કેપ્ટન તરીકે ટીમનું સુકાન પણ સંભાળ્યું હતું.

**શંકરસિંહ વાઘેલા** ગુજરાતના રાજકારણમાં પક્ષપલટા માટે જાણીતા શંકરસિંહ વાઘેલા મૂળ ભાજપ ગોત્રના છે. રાજ્યમાં ભાજપનો પાયો નાખવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પહેલા ભાજપ પછી રાજપા પછી કોંગ્રેસ અને NCP એમ દરેક પક્ષમાં તેઓ હતા. 23 ઓક્ટોબર, 1996થી 27 ઓક્ટોબર, 1997 સુધી રાજ્યના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. 23 જાન્યુઆરી, 2013થી 25 જુલાઈ, 2017 સુધી તેઓ ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા હતા. મનમોહન સિંહની સરકારમાં 23 મે, 2004થી 22 મે, 2009 સુધી તેઓ કેન્દ્રીય ટેક્સટાઈલમંત્રી પણ બન્યા હતા.

**રાજેન્દ્રસિંહ રાણા** રાજુભાઈ રાણા તરીકે ઓળખાતા રાજેન્દ્રસિંહ રાણા 1996થી 2009 સુધી સતત 5 ટર્મ ભાવનગર બેઠક પરથી ભાજપના સાંસદ તરીકે ચૂંટાયા હતા. 2014માં ભાજપે રાજેન્દ્રસિંહ રાણાની ટિકિટ કાપીને ભારતીબેન શિયાળને ઉમેદવાર તરીકે ચૂંટણી જંગમાં ઉતાર્યાં હતા.

**શક્તિસિંહ ગોહિલ** હાલમાં પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ 17 જાન્યુઆરી, 2008થી 20 ડિસેમ્બર, 2012 સુધી ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પણ રહી ચૂક્યા છે. તેઓ 1998માં ભાવનગર લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણીજંગમાં ઊતર્યા હતા અને ભાજપના રાજુભાઈ રાણા સામે 79206 મતે હાર્યા હતા.

**ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા** ગુજરાતના પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ધોળકા અને એની આસપાસના વિસ્તારમાં સારું પ્રભુત્વ ધરાવે છે. કેશુભાઈ પટેલ, નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ અને વિજય રૂપાણીની સરકારમાં તેમણે ઘણીવાર સંકટમોચનની ભૂમિકા ભજવી હતી.

**આઇ.કે.જાડેજા** એક સમયે પ્રદેશ ભાજપમાં મહત્ત્વનું સ્થાન ધરાવનારા ક્ષત્રિય નેતા અને પૂર્વ કેબિનેટ મંત્રી આઈ.કે.જાડેજા વર્ષ 1995માં ધ્રાંગધ્રાના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે શહેરી વિકાસમંત્રી અને આરોગ્યમંત્રી તરીકેની જવાબદારી પણ નિભાવી હતી. તેમણે 2019માં અમદાવાદના બોપલ બ્રિજથી શાંતિપુરા ચોકડી સુધીના રસ્તાની બિસ્માર હાલત અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ભાજપના સત્તાધીશો સામે નારાજગી વ્યક્ત કરી હતી.

**પ્રદીપસિંહ જાડેજા** ગુજરાતના શિક્ષિત રાજકારણીઓમાં જેની ગણતરી થાય છે એવા પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ 2022માં પોતે જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી હતી. નરેન્દ્ર મોદી અને અમિત શાહના વિશ્વાસુ ગણાતા પ્રદીપસિંહ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર પણ રહી ચૂક્યા છે.

**મહિપતસિંહ જાડેજા** રીબડાના સરપંચ રહી ચૂકેલા મહિપતસિંહ જાડેજા 1980માં તાલુકા પંચાયતની ચૂંટણી લડ્યા અને ગોંડલ તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા. 1986 સુધી તાલુકા પંચાયતના પ્રમુખ રહ્યા હતા. પોપટભાઈ સોરઠિયાની હત્યા બાદ 1990માં ગોંડલ બેઠક પરથી અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. 1995માં પણ તેઓ ભાજપના ઉમેદવાર રમેશ સોજિત્રાને હરાવીને અપક્ષ ધારાસભ્ય બન્યા હતા. તેમણે ગોંડલ અને તેની આસપાસના વિસ્તારોના ખેડૂતોના પ્રશ્નો ઉઠાવ્યા હતા.

**જયરાજસિંહ જાડેજા** મૂળ હડમતાળા ગામના રહેવાસી ટેમુભા જાડેજાના દીકરા જયરાજસિંહ જાડેજાએ ગોંડલ બેઠક પરથી 1998માં પહેલીવાર મહિપતસિંહ જાડેજાને હરાવ્યા હતા. બાદમાં 2002માં પણ જયરાજસિંહ અને મહિપતસિંહ વચ્ચે ગોંડલ બેઠક પર ટક્કર થઈ હતી, જેમાં જયરાજસિંહની જીત થઈ હતી. 2007માં જયરાજસિંહ એનસીપીના ચંદુ વઘાસિયા સામે હારી ગયા હતા. હાલમાં ચાલી રહેલા પુરુષોત્તમ રૂપાલાના વિવાદને શાંત પાડવામાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

**રીવાબા જાડેજા** ભારતીય ક્રિકેટ ટીમના ઓલ રાઉન્ડર રવીન્દ્ર જાડેજાનાં પત્ની રીવાબા જાડેજા જામનગર ઉત્તર બેઠક પરથી ભાજપના ધારાસભ્ય તરીકે ચૂંટાયાં છે. તેમણે મિકેનિકલ એન્જિનિયરનો અભ્યાસ કર્યો છે. તેઓ અંગ્રેજી ભાષા પર સારું પ્રભુત્વ ધરાવે છે.

**યુવરાજસિંહ જાડેજા** આમ આદમી પાર્ટીના ક્ષત્રિય નેતા યુવરાજસિંહ જાડેજા વિદ્યાર્થી નેતા તરીકેની પણ ઓળખ ધરાવે છે. ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટવા મુદ્દે વિવિધ આંદોલનો કરીને તેમણે યુવાનોમાં પોતાની ઓળખ બનાવી હતી. 2022ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ તેમને દહેગામ બેઠક પરથી ટિકિટ આપી હતી.

## NEWS FILE

### RTEમાં પ્રથમ વખત 182 એડમિશન રદ, વાલીનો વિરોધ




અમદાવાદઃ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવેલ વાલીઓની આવક વધતા વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા છે. RTEના ઈતિહાસમાં અત્યાર સુધી પ્રથમ વખત એક સાથે 182થી વધુ વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા છે. વાલીઓએ કહ્યું કે, સ્કૂલ દ્વારા ગેરકાયદેસર રીતે અમારા ડોક્યુમેન્ટની તપાસ કરાવવામાં આવી છે. જ્યારે એડમિશન લીધુ ત્યારે અમારી આવક ઓછી હતી. અમદાવાદની ઉદગમ, ઝેબર, એશિયન ગ્લોબલ અને આનંદ નિકેતન સ્કૂલ દ્વારા DEO કચેરીમાં ફરિયાદ કરવામાં આવી હતી.

### વેકેશન બાદ ઊંઝા યાર્ડ 40 હજાર બોરી જીરાની આવક

ઉંઝાઃ ઊંઝા માર્કેટયાર્ડ માર્ચ એન્ડીંગને લઈ એક સપ્તાહ બંધ રહ્યુ હતું. જે બાદ પુનઃ ધમધમી ઉઠતાં મસાલા સહિતની જણશી જીરું, વરિયાળી, ઈસબગુલ અને અજમાની આવકો શરૂ થઈ છે. અઠવાડિયા બાદ મંગળવારે પ્રથમ દિવસે 40 હજાર બોરી જીરાની આવક નોંધાઈ હતી. તેમજ વરિયાળીની 26 હજાર ગુણીની આવક અને ઈસબગુલનની 12 હજાર બોરીની આવક નોંધાઈ હતી.આ અંગે ઊંઝા એપીએમસીના ચેરમેન દિનેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, માર્ચ એન્ડીંગને લઈ એક સપ્તાહ માટે ઊંઝા ગંજબજાર બંધ હતું. મંગળવારથી ચાલુ થતાં સારી આવક થઈ છે.

### હવેથી અમદાવાદ એરપોર્ટ પર ઈન્ટેલિજન્ટ ક્લિનિંગ રોબોટ



અમદાવાદઃ અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ મુસાફરોની સુવિધાઓ માટે સતત અપગ્રેડ કરતું રહ્યું છે. સુવિધાઓમાં વૃદ્ધિનો ક્રમ યથાવત રાખતા અમદાવાદ એરપોર્ટ પર સૌપ્રથમવાર ઈન્ટેલિજન્ટ ક્લિનિંગ રોબોટ તૈનાત કરવામાં આવ્યા છે. હવે એરપોર્ટ ટર્મિનલ પર મુસાફરોને વધુ સ્વચ્છ અને સુઘડ વાતાવરણ મળી રહે તેની રોબોટ ખાતરી કરશે. અમદાવાદના એરપોર્ટ પર હવે કંટાળાજનક મેન્યુઅલ સફાઈના દિવસો ગયા. વધુ ટ્રાફિકવાળા વિસ્તારોમાં ટર્મિનલ અને ફોરકોર્ટમાં નવા ઈન્ટેલિજન્ટ રોબોટ સુવિધાઓમાં વધારો કરશે.

# ભૂગર્ભ જળસ્તર ઉંચું લાવવામાં અમદાવાદીઓ નીરસ સાબિત

### AMCની 80% ખર્ચ ભોગવવા તૈયારી છતાં 20% કાઢતા નથી

■ અમદાવાદ

અમદાવાદ શહેરમાં ભૂગર્ભ જળ સ્તર ઉપર લાવવા માટે અને લોકો પાણીનો બચાવ કરી શકે તેના માટે શહેરની સોસાયટીઓ અને ફ્લેટમાં પરકોલેટિંગ વેલની યોજના ચાલુ કરાઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા જેના માટે પ્રોત્સાહન મળે તેના ભાગરૂપે કુલ ખર્ચના 80 ટકા કોર્પોરેશન ખર્ચ ભોગવે અને 20 ટકા સોસાયટી- ફ્લેટ ભોગવે તે પ્રકારની યોજના બહાર પાડી હતી. જો કે, શહેરમાં પરકોલેટિંગ વેલ બનાવવા માટે 6 મહિનામાં માત્ર 40 જેટલી સોસાયટીએ જ અરજી કરી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર પરકોલેટિંગ વેલ માટેની આ યોજનામાં લોકો ખાસ આ બાબતે રસ દાખવ્યો નથી.


આ અરજીઓમાંથી 15 સોસાયટીઓએ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જે 20 ટકાનો ખર્ચ ભોગવવાનો હોય તેના નાણાં ભર્યા નથી. એટલે કે તેઓએ માત્ર કરવા ખાતર અરજી કરી છે.

### પીપીપી ધોરણે પરકોલેટિંગ વેલની યોજના અમલમાં મૂકી



AMC દ્વારા શહેરમાં વિવિધ સોસાયટી અને ફલેટોમાં પરકોલેટિંગ વેલ બનાવવા માટે આયોજન કરવા આવ્યું છે. પીપીપી ધોરણે પરકોલેટિંગ વેલ બનાવવા માટેની યોજના બહાર પાડવામાં આવી છે. જેમાં 80 ટકા ખર્ચ કોર્પોરેશન અને 20 ટકા જે તે સોસાયટી એ ભોગવવાનો હોય છે. જે મુજબ પરકોલેટિંગ વેલનો ખર્ચ 2.60 લાખ આસપાસ થાય છે, જેમાં માત્ર 50,000ની આસપાસનો ખર્ચ સોસાયટીએ કરવાનો હોય છે, તેમ છતાં પણ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં માત્ર 40 જેટલી જ અરજીઓ આવી છે.

RAR ફાઉન્ડેશન



# એટલે સેવા અને સહકારનું ઉત્તમ ઉદાહરણ...

*આ ફાઉન્ડેશન શિક્ષિત બેરોજગારોને શિક્ષિત બનાવવાનું કામ કરે છે. સાથે જ મેડિકલ કેમ્પ, હેલ્થ ચેક અપ કેમ્પ, વ્યસનમુક્તિ ઝુંબેશ અને યુવાનોમાં દેશભાવના જાગે તે માટે સતત કાર્ય કરી રહ્યું છે. સાથે જ લોકકલા અને સંસ્કૃતિને જગાડવાનું ભગીરથ કાર્યનું બીડું ઝડપ્યું છે.*

1 આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને આર્થિક સહાય

2 ગૌશાળા અને પશુ-પક્ષીઓ માટે સેવાકીય પ્રવૃતિ

3 પર્યાવરણ-જળ સંરક્ષણ માટે ઉપયોગી કાર્યો કરવા



**સ્પેશિયલ સ્ટોરી:** સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં અનેક સંસ્થાઓ સેવાકીય પ્રવૃતિઓ કરી રહી છે. જેમાંથી એક છે રીબડાનું RAR ફાઉન્ડેશન. આ ફાઉન્ડેશન માત્ર સેવાકીય પ્રવૃતિઓ જ નહીં પરંતુ જરૂરિયાતમંદ તમામ લોકો, પશુ-પક્ષીઓ, પર્યાવરણ, જળ સંરક્ષણ સહિત વિવિધ ક્ષેત્રે કામ કરે છે. જરૂરિયાતમંદ વ્યક્તિઓને તન, મન અને ધન થી સદા સહાય માટે તત્પર એવા RAR ફાઉન્ડેશનના અગ્રણી રાજદીપસિંહ જાડેજાને ગુજરાતભરમાં ખૂબ જ પ્રેમ, લાગણી તથા માન સન્માન મળી રહ્યું છે. રાજદીપસિંહ જાડેજા તેમના પિતા અનિરુદ્ધસિંહજી જાડેજા -દાદા સ્વ. મહીપતસિંહ જાડેજાનો ઉજ્જવળ તથા જાજરમાન વારસો ધરાવે છે. RAR ફાઉન્ડેશન સાથે તેમનું નામ અને તેમના ગામ રીબડાનું નામ પણ કાયમ જોડાયેલું છે. સ્વ. મહિપતસિંહ જાડેજા તેમના જીવનમાં સિદ્ધાંતવાદી તેમજ નીતિમત્તાને માનવાવાળું વ્યક્તિત્વ હતા. સેવા તથા સેવાકીય પ્રવૃત્તિઓ તે જ તેમના જીવનનો ધ્યેય હતો. તેમના સમયગાળા દરમ્યાન ગોંડલ તાલુકાના અનેકવિધ સેવાકાર્યો તથા સત્કાર્યોમાં તેમનું યોગદાન રહેલું છે. એવો જાજરમાન વારસો ધરાવતા શ્રી રાજદિપસિંહ જાડેજા એ દાદાશ્રીની સેવાકીય પ્રવુતિઓને આગળ ધપાવવાના હેતુસર RAR Foundation ની સ્થાપના કરી. જે હાલમાં સતત સેવાકીય કામથી જરૂરિયાતમંદ લોકોની મદદ કરી રહ્યું છે. અમારા સંવાદદાતા આશિષ પૈજાએ RAR Foundation ના સ્થાપક રાજદીપસિંહ જાડેજા સાથે ખાસ વાતચીત કરી હતી.



**સવાલ** આપ સતત લોકહિતના કાર્યો કરી રહ્યા છો તેનો વિચાર ક્યાંથી આવ્યો?
**જવાબ** નાનપણથી અત્યાર સુધી મારા દાદાબાપુ સ્વ. મહીપતસિંહજી ભાવુભા જાડેજા પૂર્વ ધારાસભ્ય ગોંડલ તેમજ મારા પિતાશ્રી અનિરુદ્ધસિંહજી જાડેજાને સામાજિક- આર્થિક લોકસેવા કરતા જોતો આવ્યો છું. તેમના આ કાર્યો જોઈને આવા કાર્યો કરવાની પ્રેરણા અને વિચાર ત્યાંથી આવ્યો.

**સવાલ** આપની હાજરીથી હજારો લોકો ખાસ યુવાધન આપણી સંસ્કૃતિને જાળવી રાખવા આવા કાર્યોમાં જોડાઈ રહ્યા છે, ત્યારે તમે તેમના માટે શું કહેશો?
**જવાબ** આપણી સંસ્કૃતિમાં સનાતન ધર્મમાં ગાયને આપણી માતાનો દરજ્જો આપીએ છીએ. જ્યાં- જ્યાં પણ આવા કાર્યો થાય છે ત્યાં મારી હાજરી ચોક્કસ હોય છે. ત્યાં જે પણ ધર્માદો થાય છે મુખ્યત્વે ગૌ માતાની સેવામાં, ગૌશાળામાં તેમજ સામાજિક કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવે છે જે ખુબ સારું કાર્ય છે. મને ચાહનારાઓ ખાસ કરીને આપે કહ્યું તેમ યુવાધન પણ મારી હાજરીથી આવા કાર્યો માટે પ્રેરાય છે તે સારી વાત છે. જે હું કરું છે તે મારો ચાહક વર્ગ કરે છે. મારું એવું માનવું છે આપણી કલા અને સંસ્કૃતિનું જતન કરવું એ આપણા બધાની મૂળભૂત ફરજ છે .

**સવાલ** રાજદીપસિંહની એક યુથ આઈકોન તરીકે અલગ ઓળખ છે. લાખો યુવાનો સોશિયલ મીડિયામાં તમને કેમ ફોલો કરે છે?
**જવાબ** નાનપણથી અત્યાર સુધી લોક સંપર્ક, લોકહિતના કાર્યો કર્યા છે. જ્ઞાતિ-જાતિના ભેદ વિના લોકોના શક્ય એટલા સામાજિક-આર્થિક કાર્યોમાં મદદ કરી છે. અનેક લોકો સાથે પ્રેમભાવ તેમના સારા કાર્યોમાં પ્રોત્સાહન તો મળ્યું છે. સાથે આવા અનેક કાર્યોથી લોકચાહના પણ ખૂબ મળી છે.

**સવાલ** નાના માણસથી લઈને VVIP માણસો તમને મળે છે. આપ તેમના સંપર્કમાં હોવ છો કેવો ભાવ હોય છે બંનેમાં?
**જવાબ** હંમેશા મારા માટે સમાન ભાવ પ્રકટ થયો છે. મારા માટે તમામ સમાન હોય છે એમાં કઈ અલગ દેખાતું નથી. એક ક્ષત્રિય તરીકે મને વારસામાં મળેલું છે. મારા માટે અઢારે વર્ણ, નાના-મોટા દરેક લોકો સમાન છે.

**સવાલ** તમામ આઈડલ કોણ છે, કોનાથી આપણને સતત પ્રેરણા મળે છે?
**જવાબ** આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી. કારણ કે આ ઉંમરે પણ તે હિતના કાર્યો માટે સદા કાર્યશીલ છે.તેમજ મારા દાદા બાપુ સ્વ.મહીપતસિંહજી જાડેજા. તેમનું જીવન મારા માટે સતત પ્રેરણા પૂરું પાડનારું છે.

**સવાલ** કયા કાર્યોના કારણે તમારું ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ આવ્યું?
**જવાબ** મારા દાદા બાપુની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ 1-2-2024 ના રોજ હતી. તે દિવસે જન્મભૂમિ રીબડામાં પૂજ્ય દાદાબાપુની યાદમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યુ હતુ. RAR ફાઉન્ડેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં 3470 બોટલ બ્લડ એકત્રિત કરાયું હતું. જેમાં મારા દાદા બાપુ, મારા પિતાજી તેમજ મારા પરિવારના ચાહક લોકો દ્વારા ઘણી મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું, 9 થી 10 બ્લડ બેંક હતી છતાં પણ લોકોની લાંબી કતારો જોવા મળી હતી આજ કાર્યક્રમમાં અંગદાન માટે પણ લોકોએ મોટી સંખ્યામાં પોતાના નામ નોમિનેટ કર્યા હતા. જેથી મારું નામ ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોમિનેટ થયું હતું.

**સવાલ** આપનું RAR નામથી ફાઉન્ડેશન ચાલે છે, તે કેવા કાર્યો કરી રહ્યું છે?
**જવાબ** માત્ર લોકસેવા માટે મેં મારા દાદાબાપુ અને પિતાજીને હરહંમેશ લોકોની સેવા કરતા જોયા છે. જે હું પણ કરી રહ્યો છું. આ દરમિયાન મને વિચાર આવ્યો કે મારી સાથે સાથે મારા લાખો ચાહકો પણ જો દેશહિતના કાર્યોમાં જોડાશે તો અનેક કાર્યો થઈ શકે છે. નાત-જાતના ભેદ વગર જો ખભે ખભા મિલાવીને જરૂરિયાતમંદ લોકોને સહયોગ આપવાનું કાર્ય કરવામાં આવે તો સારું અને ઉત્તમ કામગીરી થઈ શકે. જેથી આ ફાઉન્ડેશનની શરૂઆત કરવામાં આવી. આજે સમગ્ર દેશમાંથી લાખો ચાહકો ઉત્સાહથી જોડાયેલા છે અને જેમ હું સામાજિક સેવાકીય સમાજસેવા કરું છું એવી રીતે જ સમગ્ર દેશમાં આવા કર્યો કરી રહ્યા છે અને કરતા રહેશે.

**સવાલ** કોવિડ 19 જેવી વૈશ્વિક મહામારીમાં પણ તમે ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ગરીબો માટે કામગીરી કરી, તેના વિશે શું કહેશો?
**જવાબ** મારું માનવું છે કે જો કુદરતે આર્થિક તેમજ સામાજિક શક્તિ આપી હોય તો શું કામ બીજાને સહયોગી ના બનીએ. કોવિડ 19માં આજ હેતુથી લોકોની સેવા કરી છે. જ્યાં ઓક્સિજનની જરૂર પડી હોય ને બીજી સગવડ ના હોય ત્યાં તાત્કાલિક તે પહોંચાડવાની સેવા કરી છે. આ સિવાય જરૂરિયાતમંદ લોકોને રાશનકીટ પહોંચાડવી, ગરમ જમવાનું પહોંચાડવુ, જરૂરી દવાઓ પહોંચાડવી જેવા લોકસેવાના કાર્યો કર્યા છે. ગુજરાતમાં તેમજ રાજ્યોમાં ગરીબ લોકો માટે આવાસ બનાવ્યા છે અને હજુ પણ સમગ્ર દેશમાં RAR ફાઉન્ડેશનથી જોડાયેલા લાખો કાર્યકરો સેવાકીય કાર્યો કરી રહ્યા છે.

**સવાલ** આટલા બધા કાર્યોમાં સતત વ્યસ્ત રહો છો પોતાના માટે ક્યારે આરામનો સમય મળે છે?
**જવાબ** વ્યક્તિગત સંભાળ અને પોતાના માટે સમય આપવો જોઈએ એ ચોક્કસ માનુ છું પણ સામાજિક, સેવાકીય અને દેશહિતના કાર્યો કરવાને હું વધુ મહત્વનું માનું છું. જેથી એવો કોઈ ખાસ સમય પોતાના માટે નથી આપી શકતો પણ મારા માતૃશ્રી તથા પરિવારની વ્યક્તિગત સંભાળ માટેના માર્ગદર્શનોને અચૂક અનુસરું છું.

**સવાલ** કલા અને લોક સંસ્કૃતિને જીવંત રાખવામાં આપનો પણ ઘણો જ ફાળો છે, તો અમારા માધ્યમથી વિશ્વભરના ગુજરાતીઓને શું કહેવા માંગો છો ?
**જવાબ** આપના માધ્યમથી કહેવા માંગુ છું કે આપ બધા આપણી લોકસંસ્કૃતિને જીવંત રાખી જ રહ્યા છો. પરદેશમાં પણ આપણા સંસ્કારો, આપણી મર્યાદા, આપણા ઉત્સવો ખૂબ ધામધૂમથી ઉજવી રહ્યા છો. હજુ પણ આજ રીતે આપણી લોક સંસ્કૃતિને આજ રીતે જાળવી રાખજો. જેથી લોકોનું આકર્ષણ આપણી સંસ્કૃતિ સાથે વધતું રહે. જેના થકી આપણું ભારત જયારે વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યું છે તેને વેગ મળે.

# સમયની કારમી થપાટ ભલભલા ચમરબંધીને પણ ઢીલા કરી દે છે



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 27**

**સમયની** થપાટ ભલભલા ચમરબંધીને પણ ઢીલા કરી દે છે. રુખીબહેન બાકાત કેમ હોય!

ભવનાથના મંદિરની બાજુમાંથી જ રસ્તો વળાંકવાળો ને ઢાળવાળો છે. એક ગાડીની બ્રેક ફેલ થઈ ગયેલી, એનો ડ્રાઈવર કેટલી કોશિશ કરી રહ્યો હતો, પરંતુ ઢાળને લીધે ગાડી ઊંધી પાછી આવી રહી હતી.

વળાંકને લીધે રુખીબહેનને એ ગાડી ના દેખાઈ જ્યારે દેખાઈ ત્યારે એ રસ્તાની વચ્ચોવચ હતા. ગાડી જોઈને એ દોડવા ગયા એ સાથે જ એના પગમાં સાડી અટવાઈનેઢાળને લીધે એનું સંતુલન ના રહ્યું ને એ રસ્તા પર પછડાયા.

પાછા ઉભા થાય એ પહેલાં તો ગાડી ત્યાં આવી ગઈ ને એની સાથે એ પણ ઘસડાવા લાગ્યાં. ત્યારે જ એક ગાડી ઉપર આવી રહી હતી. ઢાળને લીધે સ્વભાવિક છે કે એને થોડું એસ્ક્યુલેટર વધારે જ આપવું પડે.

એ ઉપર ચડતી ગાડીવાળો કશું વિચારે કે ગાડીને સાઈડમાં લેવાનો પ્રયત્ન કરે એ પહેલા તો બ્રેક ફેલ થયેલી ગાડી એ ગાડી સાથે અથડાઈ. આ બંને ગાડીની વચ્ચે રુખીબહેન બહુ જ ખરાબ રીતે ફસાઈ ગયા હતા.

પાછળની ગાડીવાળાએ સજ્જડ બ્રેક મારી, આજુબાજુથી માણસોએ પણ પાછળથી ગાડીને રોકી ત્યારે એ બંને ગાડીઓ રોકાઈ. બે ગાડીની વચ્ચે ફસાયેલા, ને ઘણી બધી જગ્યાએ ખરાબ રીતે ઘવાયેલાં, છોલાયેલાં બેભાન રુખીબહેનને બધાએ ભેગા મળીને મહામહેનતે બહાર કાઢયાં.

રુખીબહેન ની આંખો ખુલી, એમણે આદત વશ સામી ભીંતે જોયું. અરે! ઠાકોરજીની છબી ક્યાં ગઈ? પછી એમણે ચારેબાજુ નજર ફેરવી. હંધુય જુદુ-જુદુ કાં લાગે? પોતાના પલંગની જમણી બાજુ જોયું તો ખુરશીમાં જ ઊંઘી ગયેલી તુલસી દેખાઈ.

એમણે પથારીમાંથી ઊભા થવાનો પ્રયત્ન કર્યો. આ પગ કેમ હલતા નથી?

આ બધા સળવળાટથી તુલસી જાગી ગઈ ને સફાળી ઊભી થઈને પૂછ્યું, 'કશું જોઈએ છે તમને? કંઈ થાય છે?'

રુખીબહેન હાથ ઊંચો કરવા ગયા ત્યાં હાથમાં સોય લગાવેલી દેખાઈ ને એ સોય સાથે લગાવેલી નળી સાથે જોડાયેલી ગ્લુકોઝની બોટલ પણ દેખાઈ.

એનેસ્થેસિયાની અસર હજુ હતી, છતાંયે એમને સમજાયું કે એ ઘરે નથી હોસ્પિટલમાં છે. એ સાથે જ પોતે રોડ પર પડી ગયેલા અને ગાડીની સાથે અથડાયેલા એનું સ્મરણ થયું.

એ સ્મરણ થતા જ રુખીબહેનેગભરાટથીતુલસીને પૂછ્યું 'મને આયાંહુ કામ લઈ આયવાં? મને હુ થ્યું છે?'

તુલસી એમની તદ્દન નજીક આવીને બોલી 'થોડું વાગ્યું હતું ને તમને, એટલે અહીં લઈ આવ્યા હતા. તમે ઉઠો ત્યારે ચા-નાસ્તો કરવાની છૂટ આપી છે. નાસ્તો કરીને દવા લેવાની છે. બહારની ચા તમને ભાવશે? કે ઘરે જઈને બનાવીને લઈ આવું?' રુખીબહેને કંઈ જવાબ ના આપ્યો, પરંતુ બેઠા થવાનીતાજવીજ કરતા દેખાયા. એટલે તુલસીએ એમને બેઠા થવામાં મદદ કરી. નીચે પગ મુકવા માટે એમણે ચાદરને ખસેડી.

ચાદર ખસતાં જ રુખીબહેનથી ચીસ પડાઈ ગઈ, ને પછી તો ચીસાચીસ કરવા લાગ્યા, અને જાણે કે શરીરમાં માતાજી આવ્યા હોય એમ વર્તવા લાગ્યા.

તુલસીએ એમને શાંત કરવાની કોશિશ કરી પરંતુ વ્યર્થ. ચીસાચીસ સાંભળીને બે-ત્રણ નર્સો પણ દોડી આવી. તુલસીએ



એમને બાથમાં ભરીને હુંફ આપી.

તુલસીને અંદેશો હતો જ કે જ્યારે રુખીબહેનેને ખબર પડશે કે એના બંને પગ ઘૂંટણ આગળથી કાપવા પડ્યા છે, ત્યારે એમને નિયંત્રણમાં લેવા અઘરાપડવાના જ છે.

તુલસીની છાતી પર માથું મૂકીને રુખીબહેન બહુ જ રડ્યા. એમની જિંદગીમાં એ કદીયે આટલું નહીં રડ્યા હોય.

જન્મથી જ પગ ના હોય તો માણસને એટલું વસમુ નથી લાગતું. એ પગ વગર જ જીવવાની આદત કેળવી લે છે. પરંતુ જ્યારે આટલા બધા વર્ષો પછી પગ છીનવાઈ જાય તો બહુ જ વસમુ લાગે છે. કારણ કે પગ વગર જીવવાની આદત નથી હોતી.

તુલસી એમને માથે હાથ ફેરવવા માંડી.

બે ગાડીઓની વચ્ચે ફસાઈ ગયેલા એમના શરીરને અને આગળની ગાડીનાવ્હીલ નીચે ચગદાઈ ગયેલા એમના પગને માંડ-માંડ કાઢેલા.

રુખીબહેનનું શરીર પાતળું હતું, ને એમાંયે પગ તો સાવજ પાતળા હતા. એટલે પગનો તો સાવજ કચ્ચરઘાણ થઈ ગયેલો.

પગની હાલત જોઈને જ લાગતું હતું કે, એમના પગ નહીં બચે. ત્યાંથી સીધા જ હોસ્પિટલે લઈ ગયેલા ને તાત્કાલિક ઓપરેશન કરીને ઘૂંટણથીસ્હેજ નીચેથી કાપવા પડેલા, ને ચાર બોટલ લોહી પણ ચડાવવું પડેલું.

તુલસીએ એમને રડવા દીધા. પછી બાથરૂમમાં જઈને નેપકીનભીનો કર્યો અને રુખીબહેનનું આંસુ થી ખરડાયેલું મોં લૂછ્યું અને પાણીનો ગ્લાસ ભરીને એમને પાણી પીવડાવ્યું.

પરવશતાની કલ્પનાએ રુખીબહેનનીઆંખોમાંથી ફરીથી આંસુની ધાર નીકળી. તુલસીએ તે ફરી લુછી અને થોડી ગળગળા સાદે બોલી 'હિંમત તો રાખવી પડશે ને. શંભુએ હજી થોડીક વધારે કસોટી કરવાનું ધાર્યું લાગે છે. ચિંતા ના કરો.' પછી રુખીબહેનને પાછા પથારીમાં સુવડાવ્યા ને બોલી 'હું ઘરે જઈને તમારા માટે ચા-નાસ્તો લેતી આવું. નર્સને અહીં બેસાડીને જાવ છું. જલ્દી પાછી આવી જઈશ.'

પછી એમના હાથ પર પોતાનો હાથ મૂકીને સાંત્વના આપીને ઘરે જવા વળી.

રુખીબહેન એમના રૂમમાં ટી.વી.માં કોઈક કાર્યક્રમ જોઈ રહ્યા હતા. તુલસી ઉંબરેઉભી-ઉભી એમને જોઈ રહી. આ એ જ સ્ત્રી છે, જે કદીક ધરતીથી એક વેંત અધ્ધર ચાલતી હતી!

આ થોડાક મહિનાઓમાં તો એમની હાલત કેવી થઈ ગઈ! ક્યાં ગયો એ ઠસ્સો!, ક્યાં ગઈ હે તુમાખી! લાગે જ નહીં કે આ એ જ વ્યક્તિ છે. સમયની થપાટ ભલભલાચમરબંધીને પણ ઢીલા કરી દે છે. તેથી જ કહેવાયું છે ને,

સમય બડાબલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન,
કાબે અર્જુન લુંટીયો, વહી ધનુષ્ય વહી બાણ.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

# સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં તમને નજીકના સંબંધીનો સહયોગ મળશે. પૈસા કરતાં તમારા સન્માન અને આદર્શોમાં વિશ્વાસ રાખવાથી તમે સફળ થશો. તમને આધ્યાત્મિકતા સાથે જોડાયેલા કેટલાક ખાસ તથ્યો વિશે પણ માહિતી મળશે. આ સમયે બેદરકારીને કારણે પૈસાનો વ્યય પણ થઈ શકે છે. કોઈના પર વધારે વિશ્વાસ ન કરો.

### વૃષભ



(બ.વ.ઉ)

મહિલાઓ માટે આજનો દિવસ ઉત્તમ પરિણામ આપનાર છે. કુટુંબ સંબંધિત કોઈપણ ગંભીર મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. જેનું પરિણામ પણ હકારાત્મક આવશે. વિદ્યાર્થીઓ અને યુવાનો તેમની મહેનત અને પ્રયત્નોના સાનુકૂળ પરિણામો પ્રાપ્ત કરશે. જૂની નકારાત્મક બાબતોને તમારા પર હાવી ન થવા દો.

### મિથુન



(ક.છ.ઘ)

ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહેશે. તમારા સંપર્ક સ્ત્રોતોને વધુ મજબૂત બનાવો, કારણ કે આ તમને ઇચ્છિત પરિણામો આપશે. તમે ઉર્જાથી ભરપૂર અનુભવ કરશો. ઘરની સુખ-સુવિધાઓ સાથે સંબંધિત કાર્યોમાં પણ તમારું મહત્વપૂર્ણ યોગદાન રહેશે. તમારી પાસે ઘણી યોજનાઓ હશે, પરંતુ ઉતાવળ અને ભાવનામાં કોઈ નિર્ણય ન લો.

### કર્ક



(ડ.હ)

પરિવારના કોઈ સભ્યની સિદ્ધિને લઈને ઘરમાં ઉત્સવનું વાતાવરણ રહેશે. તમારી પસંદગી મુજબ તમારા શોખ અથવા પ્રવૃત્તિઓમાં થોડો સમય વિતાવવાની ખાતરી કરો. શાંતિપૂર્ણ વાતાવરણમાં રહેવાથી તમે નવી ઉર્જા અને ઉત્સાહનો અનુભવ કરશો. બીજાની બાબતોમાં હસ્તક્ષેપ કરવાને બદલે પોતાના કામ પર ધ્યાન આપો.

### સિંહ



(મ.ટ)

ગ્રહોની સ્થિતિ અને ભાગ્ય તમારા પક્ષમાં છે. રાજકીય સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. જેના કારણે સમાજમાં તમારો દરજ્જો વધશે. આવકમાં પણ વધારો થશે. તમારા સ્વજનોનો સહયોગ અને સ્નેહ તમારી સાથે રહેશે. નિર્ણય લેવામાં વધુ સમય લાગવાને કારણે અથવા તણાવને કારણે કેટલાક મહત્વપૂર્ણ કાર્યો પણ ખોવાઈ શકે છે.

### કન્યા



(પ.ઠ.ણ)

દિવસની શરૂઆત કોઈ ખાસ સમાચારથી થશે. આર્થિક યોજનાઓ પણ સફળ થશે. તમારા મનમાં નવી યોજનાઓ આવશે. જે ઘર અને બિઝનેસ બંને માટે યોગ્ય સાબિત થશે. શોપિંગ વગેરેમાં પણ આનંદદાયક સમય પસાર થશે. કોઈ પણ પ્રકારની યાત્રા ન કરવી, કારણ કે સમય અને પૈસાની બરબાદી સિવાય કંઈપણ પ્રાપ્ત થશે નહીં.

### તુલા



(ર.ત)

પારિવારિક સમસ્યાઓના કારણે પરસ્પર સંબંધોમાં જે મતભેદો સર્જાયા હતા તે અનુભવી સભ્યની મદદથી દૂર થશે. અને સંબંધોમાં ફરી મધુરતા આવશે. પ્રતિષ્ઠિત લોકો સાથે સંપર્ક વધશે, જે તમારા માટે ફાયદાકારક સાબિત થશે. ઘરમાં પણ નાની-નાની બાબતોને લઈને બિનજરૂરી રીતે તણાવ પેદા થઈ શકે છે.

### વૃશ્ચિક



(ન.ય)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કેટલીક દુવિધાઓનો ઉકેલ મળવાથી રાહત મળશે. ધાર્મિક અથવા આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તરફ તમારી શ્રદ્ધા અને ઝોક રાખવાથી તમારા વ્યક્તિત્વમાં વધુ નિખાર આવશે. પ્રગતિ હાંસલ કરવા માટે વ્યક્તિના સ્વભાવમાં પરિપક્વતા લાવવી જરૂરી છે. ગેરકાનૂની બાબતોથી દૂર રહો.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

અનેક પ્રકારની પ્રવૃત્તિઓને કારણે કામનો ભાર વધશે. પરંતુ તમને તમારી વ્યસ્તતાનું યોગ્ય પરિણામ પણ મળશે. વિદ્યાર્થીઓને તેમની મહેનતનું સાનુકૂળ પરિણામ મળવાનું છે. નકામી વાદવિવાદથી દૂર રહો. આ સમયે, લાગણીઓથી દૂર ન થાઓ અને વ્યવહારિક રીતે વર્તે. બાળકની કોઈપણ નકારાત્મક પ્રવૃત્તિને નજરઅંદાજ કરવી યોગ્ય નથી.

### મકર



(ખ.જ)

નજીકના સંબંધીના અચાનક આગમનથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. વિદ્યાર્થીઓને તેમના શિક્ષણ સંબંધિત કોઈ અવરોધ દૂર થશે તો રાહત અનુભવશે. તમારી સમજદારી અને ચતુરાઈનો ઉપયોગ તમારી પ્રગતિમાં મદદરૂપ થશે. કેટલીક જૂની નેગેટિવ બાબતોના વર્ચસ્વને કારણે તમારું મનોબળ ઘટી જાય છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

અન્યોની મદદ અને સમર્થનમાં તમારું યોગદાન ચાલુ રહેશે. સામાજિક સન્માન અને પ્રતિષ્ઠામાં પણ વધારો થશે. અન્યથા તણાવની અસર તમારી ઊંઘ પર પણ પડી શકે છે. વ્યાપાર સંબંધી કોઈ પડતર કામ કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની મદદથી ઉકેલાશે. પરંતુ તમારા વિરોધીઓની ગતિવિધિઓ પ્રત્યે બેદરકાર ન રહો.

### મીન



(દ.ચ.ઝ.થ)

કલાત્મક પ્રવૃત્તિઓ અને રસપ્રદ કાર્યોમાં દિવસ પસાર થશે. તમને ફોન કોલ દ્વારા મહત્વપૂર્ણ માહિતી મળવાની સંભાવના છે, આર્થિક સ્થિતિ માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. પબ્લિક ડીલિંગ, ગ્લેમર, કોમ્પ્યુટર વગેરેને લગતા વ્યવસાયમાં વિશેષ સિદ્ધિઓ મળશે. નોકરી કરતા લોકોને ટ્રાન્સફર સંબંધિત સારા સમાચાર મળી શકે છે.



# પૂજા હેગડે અને સ્વ. વિનોદ મહેરાના પુત્ર રોહન વચ્ચે ચાલી રહ્યું છે ઈલુ-ઈલુ

### રોહન મહેરા અગાઉ અભિનેત્રી તારા સુતરિયાને પણ ડેટ કરી ચૂક્યો હોવાનું સામે આવ્યું

■ મુંબઇ

એક્ટ્રેસ પૂજા હેગડે આજકાલ સ્વ. વિનોદ મહેરાના પુત્ર રોહન મહેરાને ડેટ કરી રહી હોવાનું કહેવાય છે. બંને મુંબઈમાં સાથે જોવા મળ્યાં બાદ આ અટકળો પ્રસરી છે. બંને કારમાં સાથે જતાં હતાં ત્યારે પાપારાઝીઓ દ્વારા તેમની તસવીરો કેપ્ચર કરાઈ હતી. બંનેએ પોતાના સંગાથને છૂપાવવાનો કોઈ પ્રયાસ કર્યો ન હતો અને હસતાં હસતાં પોઝ આપ્યો હતો.રોહન સ્વ. અભિનેતા વિનોદ મહેરાનો પુત્ર છે.તેણે ૨૦૧૮માં ફિલ્મ 'બાઝાર'થી ડેબ્યુ કર્યુ હતું. જોકે, તે પછી તેને કોઈ ખાસ સફળતા મળી નથી. બીજી તરફ પૂજા હેગડે પણ સંખ્યાબંધ પ્રોજેક્ટ પછી ખાસ સફળતા મેળવી શકી નથી. ૨૦૨૩માં પૂજા હેગડે મુંબઇના એક ક્રિકેટરને ડેટ કરતી હોવાની ચર્ચા હતી. તે વખતે તે આ ક્રિકેટર સાથે લગ્ન કરી લેશે તેવી પણ અટકળો હતી. પરંતુ બોલીવુડમાં જ્યાં સુધી લગ્ન કરીને ઠરીઠામ ન થઈ જાય ત્યાં સુધી અનેક અફવા અને અટકળોનું બજાર ગરમ રહે છે.

# આર્યન ખાન બ્રાઝિલની એક્ટ્રેસ લારિસાને ડેટ કરી રહ્યો હોવાની ચર્ચા



### આર્યને લારિસાની માતાને ગિફ્ટ મોકલી, 7 વર્ષ મોટી લારિસા ક્લોથિંગ બ્રાન્ડના પ્રમોશનમાં જોવા મળી ...

■ મુંબઇ

શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન પોતાની વેબ સીરીઝના શૂટિંગમાં વ્યસ્ત છે ત્યારે તેના ડેટિંગના સમચાર આવી રહ્યા છે. આર્યન બ્રાઝીલિયન એક્ટ્રેસ લારિસા બન્સીને ડેટ કરી રહ્યો છે. લારિસા આર્યનથી સાત વર્ષ મોટી હોવાનું કહેવાય છે. તે તેની ક્લોથિંગ બ્રાન્ડના પ્રચારમાં જોવા મળી હતી. આર્યન ઈન્સ્ટાગ્રામ પર લારિસાના સમગ્ર પરિવારને ફોલો કરે છે. તેણે લારિસાની માતાને બર્થ ડે ગિફ્ટ પણ મોકલી હતી. લારિસા એ અક્ષય કુમારની 'દેસી બોયઝ 'ફિલ્મના ગીત સુબહ હોને ના દેમાં કામ કર્યું છે. આ ઉપરાંત તે સાઉથની કેટલીક ફિલ્મો તથા મ્યુઝિક વીડિયોમાં પણ દેખાઈ ચૂકી છે. લારિસા તાજેતરમાં મુંબઈ આવી હતી ત્યારે આર્યને તેને એક જેકેટ પણ ગિફ્ટ કર્યું હતું. તે પછી બંનેનાં ડેટિંગની અફવાઓ શરુ થઈ હતી. ઉલ્લેખનીય છે કે આર્યનની બહેન સુહાના અમિતાભ બચ્ચનના દૌહિત્ર અગત્સ્ય નંદાને ડેટ કરતી હોવાનું કહેવાય છે.

# બ્લોક બસ્ટર રેસ ફોરનું પ્લાનિંગ શરૂ, સલમાન ઉપરાંત સૈફનું પુનરાગમન થશે

### ■ રેસ થ્રીમાં સૈફને પડતો મૂકાયો હતો, અબ્બાસ મસ્તાન જ સુકાન સંભાળશે

■ મુંબઇ

ફિલ્મ રેસની ચોથી ફ્રેન્ચાઈઝીની તૈયારી થઇ રહી છે. તેવામાં આ ફિલ્મને અપડેટ છે કે, 'રેસ ફોર'માં સલમન ખાન અને સૈફ અલી ખાન સાથે કામ કરવાના છે. સૈફ અલી ખાનને ' રેસ ૩'માં પડતો મુકવામાં આવ્યો હતો અને તેના સ્થાને સલમાન ખાનને લેવામાં આવ્યો હતો. જોકે, ફિલ્મના પહેલા બે ભાગમાં સૈફના પાત્રને જેટલી લોકપ્રિયતા મળી હતી તેની સામે સલમાન ખાન પણ ઝાંખો પડયો હતો. આથી આ વખતે ભૂલ સુધારી સૈફનું પુનરાગમન કરાવવાનો નિર્ણય લેવાયો છે. 'રેસ થ્રી'નું સુકાન રેમો ફર્નાન્ડિઝને સોંપાયું હતું. તેને બદલે હવે ફરી મૂળ દિગ્દર્શકો અબ્બાસ-મસ્તાન જ ચોથા ભાગનું દિગ્દર્શન કરે તે માટે પણ પ્રયાસ થઈ રહ્યા છે.'રેસ'ના પહેલા




બંને ભાગ હિટ ગયા હતા. જોકે, ત્રીજા ભાગને ધારી સફળતા મળી ન હતી. નિર્માતાઓનું માનવું છે કે આ થીમ પરથી હજુ ચોથો ભાગ પણ બની શકે તેમ છે.

# લગ્નમાં ન આવતાં પ્રિયંકા ચોપરા અને પરિણિતી ચોપરાના સંબંધો વણસ્યા

### ■ પરિણિતીના લગ્નમાં આવી ન હતી, બર્થ-ડે પાર્ટી-હોળી ઉજવણી કરી હતી

■ મુંબઈ

કઝિન સિસ્ટર્સ પરિણિતી ચોપરા અને પ્રિયંકા ચોપરા વચ્ચેના સંબંધો વણસ્યા છે કે શું તેવી ગુસપુસ બોલીવૂડમાં થઈ રહી છે. તાજેતરમાં પ્રિયંકા ચોપરા ભારત આવી હતી ત્યારે તેણે હોળી સેલિબ્રેશનના ફોટા શેર કર્યા હતા. તેમાં તેની અન્ય કઝિન મનારા ચોપરા દેખાય છે પરંતુ પરિણિતી અને પ્રિયંકા સાથે દેખાયાં નથી. આ જ રીતે મનારાની બર્થ ડે પાર્ટીમાં પણ પ્રિયંકા પહોંચી હતી પરંતુ પરિણિતી જોવા મળી ન હતી. મનારાએ પણ પ્રિયંકાની નારાજગીનો ખ્યાલ રાખીને પરિણિતીને આમંત્રણ જ નહીં આપ્યું હોવાનું કહેવાય છે. પરિણિતી ચોપરાના લગ્નમાં પણ પ્રિયંકા આવી ન હતી અને તેણે માત્ર સોશિયલ મીડિયા પર શુભેચ્છા પાઠવી દીધી હતી.



પ્રિયંકા આ વખતે બેબી માલતીને લઈને આવી હતી પરંતુ પરિણિતી ક્યાંય ભાણેજને રમાડવા પહોચી હોય તેવા ફોટા પણ જોવા મળ્યા નથી.



# IPLના 17 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત બન્યું આવું

## 1 સિઝનમાં બે વખત RCBનો 11 વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો, હૈદરાબાદ-KKRની સિદ્ધિ

■ નવી દિલ્લી

IPL 2024માં બુધવારે કોલકાતા નાઈટ રાઈડર્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચ શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની KKR ટીમે 272 રન બનાવી ઈતિહાસ રચી દીધો હતો. KKR ટીમનો કોઈપણ બેટર સદી ફટકારી શક્યો ન હતો, પરંતુ દરેક ખેલાડીએ પોતાનું સંપૂર્ણ યોગદાન આપ્યું હતું. KKRને આ સ્કોર સુધી લઈ જવામાં ઓપનર સુનિલ નારાયણનું મહત્વનું યોગદાન હતું, નારાયણે 85 રનની શાનદાર ઈનિંગ રમી હતી. જ્યારે એક સિઝનમાં 250 રનનો આંકડો બે વખત પાર થયો હોય. KKR પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદે મુંબઈ ઈન્ડિયન્સ સામે 277 રન બનાવીને IPLના ઈતિહાસમાં સૌથી વધુ સ્કોર બનાવ્યો હતો.

**કુલ 4 વખત IPLના ઈતિહાસમાં 250થી વધુ રન બન્યા** IPLના ઈતિહાસમાં કુલ 4 વખત ટીમોએ 250થી વધુ રન બનાવ્યા છે, જેમાંથી IPL 2024માં આ સિદ્ધિ બે વખત હાંસલ થઈ છે. IPLના ઈતિહાસમાં પ્રથમ વખત 250 રનનો આંકડો પાર કરનારી ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર હતી. IPL 2013માં RCBએ ક્રિસ ગેલની 175 રનની ધમાકેદાર ઈનિંગના આધારે 263 રન બનાવ્યા હતા.

# DCના કેપ્ટન રિષભ પંત પર પ્રતિબંધનો ખતરો તોળાયો

■ નવી દિલ્લી

રિષભ પંતની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સને કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં 106 રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આ કારમી હાર બાદ દિલ્હીના કેપ્ટન અને તેની ટીમને વધુ એક મોટો ઝટકો લાગ્યો હતો. BCCIએ તેના પર લાખો રૂપિયાનો દંડ લગાવ્યો છે. આ વખતે BCCIએ આ દંડ માત્ર કેપ્ટન પર જ નહીં પરંતુ સમગ્ર ટીમ પર લગાવ્યો છે. દિલ્હી કેપિટલ્સની ટીમ KKR સામે સ્લો ઓવર રેટ માટે દોષી સાબિત થઈ છે. IPL 2024માં



દિલ્હીની ટીમ દ્વારા બીજી વખત આ ભૂલ થઈ છે, જેના કારણે કેપ્ટન સહિત સમગ્ર ટીમ પર આ દંડ લગાવવામાં આવ્યો છે. આ સાથે રિષભ પંત પર એક મેચના પ્રતિબંધનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે.

IPL પ્રેસ રિલીઝ મુજબ, "દિલ્હી કેપિટલ્સના કેપ્ટન રિષભ પંતને 3 એપ્રિલે વિશાખાપટ્ટનમના ડૉ. વાયએસ રાજશેખર રેડ્ડી એસીએ-વીડીસીએ ક્રિકેટ સ્ટેડિયમમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની IPL 2024ની મેચ દરમિયાન તેની ટીમ દ્વારા સ્લો ઓવર રેટ જાળવી રાખ્યા બાદ દંડ લાદવામાં આવ્યો છે." પ્રેસ રિલીઝમાં આગળ જણાવવામાં આવ્યું છે કે, "IPLની આચાર સંહિતા હેઠળ ન્યૂનતમ ઓવર રેટના ગુનાને લગતો આ તેની ટીમનો સિઝનનો બીજો ગુનો હોવાથી, પંતને 24 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# તાબડતોડ બેટિંગ બાદ સુનીલ નારાયણે બનાવ્યો રેકોર્ડ

## દિલ્લી કેપિટલ્સ સામે આન્દ્રે રસેલના રેકોર્ડની કરી બરાબરી

■ નવી દિલ્લી

IPL 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે વિશાખાપટ્ટનમમાં મેચ રમાઈ હતી. આ મેચમાં સુનિલ નારાયણે દિલ્હી કેપિટલ્સ સામે વિસ્ફોટક બેટિંગ કરી હતી. તેણે 39 બોલમાં 7 ચોગ્ગા અને 7 છગ્ગાની મદદથી 85 રન બનાવ્યા હતા. આ મેચમાં KKRએ DCને 106 રને હરાવ્યું હતું. આ મેચ માટે સુનિલ નારાયણને 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ સાથે તેણે એક ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. નારાયણે KKR માટે સૌથી વધુ પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીતવામાં આન્દ્રે રસેલની બરાબરી કરી લીધી છે. KKR તરફથી રમતા સુનિલ નારાયણે કુલ 14 વખત પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીત્યો છે. રસેલ પણ 14 વખત આ એવોર્ડ જીતી ચૂક્યો છે. આ મામલે ગૌતમ ગંભીર બીજા સ્થાને છે.



## NEWS FILE

### બ્રેસવેલ ન્યૂઝીલેન્ડની ટીમનું સુકાન સંભાળશે, રોબિન્સન ડેબ્યૂ કરે તેવી શક્યતા



વેલિંગ્ટનઃ ઓલરાઉન્ડર માઈકલ બ્રેસવેલ પાકિસ્તાન સામેની આગામી T20 શ્રેણીમાં ન્યૂઝીલેન્ડની કેપ્ટનશિપ કરશે. ગયા વર્ષે ઈજાગ્રસ્ત થયા બાદ બ્રેસવેલ આ શ્રેણીમાંથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કમબેક કરશે. બ્રેસવેલ ગયા વર્ષે માર્ચથી ન્યૂઝીલેન્ડ માટે એક પણ મેચ રમ્યો નથી. બ્રેસવેલ પ્રથમ વખત કિવી ટીમની કમાન સંભાળશે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડ (NZC)એ બુધવારે પાકિસ્તાન સામેની T20 શ્રેણી માટે 16 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. અનકેપ્ડ ખેલાડી ટિમ રોબિન્સનનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેને આ સિરીઝમાં ન્યુઝીલેન્ડ માટે T20 ઈન્ટરનેશનલ ડેબ્યુ કરવાની તક મળી શકે છે. વિલ ઓ'ર્રર્કેને પ્રથમ વખત T20 ટીમમાં જગ્યા મળી છે. જોકે, ઓ'ર્રર્કે ટેસ્ટ અને વન-ડેમાં ડેબ્યૂ કર્યું છે.

### રામનવમી અને ચૂંટણીને કારણે IPLની 2 મેચમાં ફેરફાર




મુંબઈઃ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2024ની બે મેચ ફરીથી શિડ્યૂલ કરી છે. કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે 17 એપ્રિલે ઈડન ગાર્ડન્સમાં રમાનારી મેચ હવે 16 એપ્રિલે રમાશે. એ જ સમયે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 16 એપ્રિલે યોજાનારી ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચ હવે 17 એપ્રિલે રમાશે. આ ફેરફાર કોલકાતા પોલીસના કહેવા પર થયો છે. હકીકતમાં કોલકાતા પોલીસે બંગાળ ક્રિકેટ એસોસિયેશનને કહ્યું હતું કે રામનવમી 17 એપ્રિલે છે અને લોકસભા ચૂંટણી માટે મતદાન બે દિવસ પછી 19 એપ્રિલે છે.

# આઈપીએલનો ઈતિહાસ બદલ્યો

## ફક્ત 48 બોલમાં મયંક યાદવે મેળવી સિદ્ધિ, બ્રેટ લી-શોએબ અખ્તર જેવા દિગ્ગજોને પછાડ્યા...

### 48 બોલમાં રચ્યો ઈતિહાસ, પોતાનો જ રેકોર્ડ તોડ્યો મયંક

■ મુંબઈ

IPL 2024માં લખનઉ સુપર જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં લખનઉએ બેંગ્લોરને 28 રને હરાવ્યું હતું. LSGની આ જીતમાં સૌથી મહત્વની ભૂમિકા લખનઉના બોલરોએ ભજવી હતી. IPL 2024 માત્ર 48 બોલ ફેંકી લખનઉના યુવા બોલર મયંક યાદવે ઈતિહાસ રચી દીધો છે. IPL ઈતિહાસમાં ફાસ્ટેસ્ટ બોલ ફેંકવાનો રેકોર્ડ શોન ટેઈટના નામે છે. તેણે 157.71 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો છે. આ યાદીમાં ઉમરાન મલિક, લોકી ફર્ગ્યુસન અને એનરીચ નોર્ટજે પણ સામેલ છે. પરંતુ કોઈ બોલર 155 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ત્રણ બોલ ફેંકી શક્યો નથી. મયંકે અત્યાર સુધી 156.7, 155.8 અને 155.3 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યા છે. મયંકનો રેકોર્ડ એટલા માટે પણ ખાસ છે કારણ કે આ બોલરોએ સેંકડો બોલ ફેંક્યા છે અને મયંક હજુ સુધી 50 બોલ પણ ફેંકી શક્યો નથી.



### દિગ્ગજ ફાસ્ટ બોલરોને પાછળ છોડી દીધા

સમગ્ર ક્રિકેટ જગતને પોતાની ઘાતક બોલિંગથી પ્રભાવિત કરનાર 21 વર્ષીય મયંક યાદવે 30 માર્ચના રોજ IPL ડેબ્યુ કર્યું હતું. ડેબ્યુ કર્યાની બીજી મેચમાં જ તેણે આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ વખત 155 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ ઝડપે બોલ ફેંક્યા છે. મયંકના નામે હવે IPLમાં 155 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ ઝડપે ત્રણ ફેંકવાનો રેકોર્ડ છે. તેણે બ્રેટ લી, શોન ટેઈટ, શોએબ અખ્તર, ડેલ સ્ટેન જેવા દિગ્ગજ ફાસ્ટ બોલરોને પાછળ છોડી દીધા છે. મયંક સહિત કુલ 5 બોલરો જ આ લીગમાં 155 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ ઝડપે બોલ ફેંકી શક્યા છે. મયંક યાદવે આ સાથે IPL 2024ના ફાસ્ટેસ્ટ બોલનો પોતાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. તેણે કેમેરોન ગ્રીનને 156.7 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. પંજાબ કિંગ્સ સામે 155.8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકી રેકોર્ડ બનાવ્યો હતો. આ યાદીમાં તેના પછી નાન્દ્રે બર્ગર, ગેરાલ્ડ કોએત્ઝી, અલ્ઝારી જોસેફ અને મથિશા પથિરાના છે.





## 7.5ની તીવ્રતાથી જાપાન સુધીના દેશો ધ્રૂજ્યા, અનેક આફ્ટર શોક્સ આવ્યા

# તાઈવાનમાં છેલ્લાં 25 વર્ષમાં સૌથી મોટો ભૂકંપ, લોકો ઘરની બહાર દોડ્યા

### 9ના મોત, 930 ઘાયલ, ફિલિપાઈન્સ-જાપાનમાં પણ આંચકા અનુભવાયા

■ તાઈપેઈ


બુધવારના રોજ તાઈવાનમાં 7.5ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપના આંચકા જાપાન અને ફિલિપિન્સમાં પણ અનુભવાયા હતા. તાઈવાનના ફાયર વિભાગના જણાવ્યા અનુસાર 9 લોકોનાં મોત થયા છે અને 930થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃત્યુઆંક વધવાની આશંકા છે. આ સાથે જ ભારતે તાઈવાનમાં રહેતા ભારતીયો માટે એડવાઈઝરી જારી કરી છે. ઈન્ડિયા-તાઈપેઈ એસોસિયેશને ઈમર્જન્સી નંબર અને ઈ-મેલ આઈડી જારી કર્યો છે. એ આ પ્રમાણે છેઃ 0905247906 અને ad.ita@mea.gov.in. તાઈવાનમાં 5 હજારથી વધુ ભારતીયો રહે છે. તાઈવાનની હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, પૂર્વ તાઈવાનના હુલિએન શહેરમાં ભૂકંપ આવ્યો હતો. એનું કેન્દ્ર ધરતીથી 34 કિલોમીટર નીચે હતું. ભારતીય સમય અનુસાર, સવારે 5:30 વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઘણી ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી, લેન્ડ સ્લાઈડ પણ થયું હતું. ઘણા આફ્ટરશોક્સ પણ આવ્યા છે. એમાંથી સૌથી તેજ 6.5ની તીવ્રતાનો આફ્ટરશોક હતો.

### દુનિયામાં દર વર્ષે 20,000 ભૂકંપ આવે છે, પણ તીવ્રતા ઓછી હોય છે

દર વર્ષે દુનિયામાં અનેક ભૂકંપ આવે છે, પરંતુ એની તીવ્રતા ઓછી હોય છે. નેશનલ અર્થક્વેક ઈન્ફર્મેશન સેન્ટર દર વર્ષે લગભગ 22 હજાર ભૂકંપ નોંધે છે. એમાંથી 100 ભૂકંપ એવા હોય છે, જેમાં વધુ નુકસાન થાય છે. ઈતિહાસમાં સૌથી લાંબો સમય ચાલતો ભૂકંપ હિન્દ મહાસાગરમાં 2004માં આવ્યો હતો. ભૂકંપ 10 મિનિટ સુધી રહ્યો હતો.



ભૂકંપ પહેલાં



ભૂકંપ પછી

### ચીનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા

તાઈવાનમાં આવેલો આ ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે એના આંચકા ચીનના શાંઘાઈ સુધી અનુભવાયા હતા. ભૂકંપ ચીનના ફુઝુ, શિયામેન, ઝુઆનઝુ અને નિંગડેમાં પણ અનુભવાયો હતો. જાપાનમાં મંગળવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર એની તીવ્રતા 6.1 માપવામાં આવી હતી. આ આંચકા ઉત્તર જાપાનના ઈવાતે અને આઓમોરી પ્રાંતમાં અનુભવાયા હતા. જાપાનની હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર ઈવાતે પ્રાંતનો ઉત્તરીય ભાગ હતો.

### તાઈવાનમાં 10,000 ઘરમાં વીજળી ડૂલ થઈ

તાઈવાનના મીડિયા અનુસાર, તાઈવાનમાં 10,000થી વધુ ઘરોમાં વીજળી ડૂલ થઈ છે. ભૂકંપના કારણે વાયરો અને પાવર પ્લાન્ટને નુકસાન થયું છે. વીજ પાવર સપ્લાય ફરીથી શરૂ કરવાની કામગીરી ચાલી રહી છે.

### જાપાન-ફિલિપિન્સે સુનામીનું એલર્ટ હટાવ્યું

ભૂકંપ બાદ તાઈવાન, જાપાન અને ફિલિપિન્સમાં સુનામીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જાપાનના હવામાન વિભાગે દરિયામાં 3 મીટર એટલે કે લગભગ 10 ફૂટ સુધીનાં મોજાં ઊછળવાની શક્યતા જણાવી હતી. જોકે જાપાન અને ફિલિપિન્સે હવે સુનામીનું એલર્ટ હટાવી લીધું છે.

### જાપાન અને ચીન મદદ મોકલવા તૈયાર

જાપાન અને ચીન તાઈવાનને મદદ આપવા તૈયાર છે. ચીની મીડિયા અનુસાર, ચીનમાં તાઈવાનના મામલાઓ પર નજર રાખતી ઓફિસે કહ્યું હતું કે તે ભૂકંપને કારણે થયેલા નુકસાનને લઈને ચિંતિત છે અને તાઈવાનને મદદ મોકલવા માટે તૈયાર છે. ચીન તાઈવાનને પોતાનો હિસ્સો હોવાનો દાવો કરે છે. એ જ સમયે તાઈવાન પોતાને સ્વતંત્ર કહે છે.

## NEWS FILE

### અબુ ધાબીમાં હિન્દુ મંદિરે પહેલા જ મહિને રેકોર્ડ સર્જ્યો



અબુધાબીઃ યુએઈના અબુ ધાબીમાં બનેલા હિન્દ મંદિરે પહેલા જ મહિને નવો રેકોર્ડ સર્જ્યો છે. મંદિર દ્વારા અપાયેલી જાણકારી પ્રમાણે લોકો માટે આ મંદિર ખુલ્લા મૂકાયાના એક જ મહિનામાં સાડા ત્રણ લાખ કરતા વધારે ભાવિકોએ અહીં દર્શન કર્યા છે.પ્રધાનમંત્રી મોદીએ ફેબ્રુઆરી મહિનામાં આ મંદિરનું ઉદઘાટન કર્યું હતું. એ પછી એક માર્ચે આ મંદિર ભક્તો દર્શન કરી શકે તે માટે ખુલ્લુ મુકાયુ હતુ. મંદિરના પ્રવકતાએ આપેલી જાણકારી પ્રમાણે પહેલા મહિનામાં 3.50 લાખ જેટલા શ્રધ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો છે અને દર શનિવારે તેમજ રવિવારે તો 50000 લોકો દર્શન માટે આવ્યા છે.

### પૃથ્વીની સપાટીથી 700 KM નીચે સૌથી મોટો મહાસાગર

ન્યૂયોર્કઃ સૌથી મોટો મહાસાગર પૃથ્વીની સપાટીથી 700 કિલોમીટર નીચે છે. અમેરિકાના ઈલિનોઈસ રાજ્યના સંશોધકોએ તેની શોધ કરી છે. તેમાં તમામ મહાસાગરોના કુલ પાણી કરતાં ત્રણ ગણું વધુ પાણી છે. પૃથ્વી પર પાણી ક્યાંથી આવ્યું તેની શોધ કરતી વખતે વૈજ્ઞાનિકોને આ મહાસાગર વિશે જાણકારી મળી. આ મહાસાગર પૃથ્વીની સપાટીની નીચે વાદળી ખડકમાં છુપાયેલો છે. આ ખડક સ્પોન્જ જેવો છે જે પાણીને શોષી શકે છે. 2 હજાર સિસ્મોમીટર દ્વારા 500 ભૂકંપનો અભ્યાસ કર્યા બાદ આ મહાસાગરની શોધ કરવામાં આવી છે.

### રાહુલે વાયનાડથી ઉમેદવારી નોંધાવ્યા બાદ રોડ શો કર્યો



વાયનાડઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે લોકસભા ચૂંટણી 2024 માટે કેરળની વાયનાડ બેઠક પરથી ફોર્મ ભર્યું છે આ પહેલા રાહુલે બહેન પ્રિયંકા ગાંધી સાથે રોડ શો કર્યો હતો. આ દરમિયાન રાહુલે લોકોને કહ્યું કે તમારા વિસ્તારના સાંસદ હોવુ તે સૌભાગ્યની વાત છે. આ સાથે કોંગ્રેસે પાર્ટીના 'પાંચ ન્યાય, પચીસ ગેરંટી'ને દેશની જનતા સુધી લઈ જવા માટે 'ઘર ઘર ગેરંટી' અભિયાન શરૂ કર્યું. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેની શરૂઆત ઉત્તર-પૂર્વ દિલ્હી લોકસભા સીટથી કરી હતી. ઓછામાં ઓછા 8 કરોડ ઘરોમાં ગેરંટી કાર્ડ પહોંચાડવાનું પાર્ટીનું પ્લાનિંગ છે.

# દેશની IIT સંસ્થાઓના 40 ટકા વિદ્યાર્થી બેરોજગાર

### AIના કારણે આગામી સમયમાં વધુ નોકરી જશે

■ નવી દિલ્લી

ગ્લોબલ આઈઆઈટી એલ્યુમની સપોર્ટ ગ્રૂપના ધીરજ સિંહે (Global IIT Alumni Support Group) દેશની ટોચની આઈઆઈટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની નોકરી અંગેનો મહત્વનો ડેટા શેર કર્યો છે. તેમાં જણાવ્યા મુજબ વિવિધ આઈઆઈટીઓમાં પ્લેસમેન્ટનો પ્રથમ તબક્કો સમાપ્ત થઈ ગયો છે, જોકે હજુ સુધી 35થી 40 ટકા વિદ્યાર્થીઓને નોકરી મળી નથી. તેમણે કહ્યું કે, દેશની નંબર-1 આઈઆઈટી મદ્રાસમાં 900 વિદ્યાર્થીઓ નોકરીની રાહ જોઈ રહ્યા છે, જ્યારે બીજા નંબરની આઈઆઈટી દિલ્હીમાં પ્લેસમેન્ટ હેઠળ રજીસ્ટર્ડ થયેલા 2000 વિદ્યાર્થીઓમાંથી 900, ત્રીજા નંબરની આઈઆઈટી બોમ્બેમાં રજીસ્ટર્ડ થયેલા 2400માંથી 1300 વિદ્યાર્થીઓ હજુ પણ બેરોજગાર છે. ડેટા મુજબ દેશમાં ચોથા ક્રમાંકની આઈઆઈટી કાનપુરમાં 500 વિદ્યાર્થીઓ અને પાંચમાં ક્રમાંકની આઈઆઈટી ખડગપુરમાં 1385 વિદ્યાર્થીઓ નોકરીની રાહ જોઈ રહ્યા છે.



### « કરોડોનું પેકેજ 3 લાખ સુધી પહોંચ્યું

**IITના વિદ્યાર્થીઓને માત્ર વાર્ષિક ત્રણથી ચાર લાખનું પેકેજ** અગાઉ આઈઆઈટીના વિદ્યાર્થીઓને કરોડોની ઓફરો મળતી હતી, જોકે ડેટામાં એમ જણાવાયું છે કે, વિવિધ આઈઆઈટી સંસ્થાઓમાં આ વર્ષે ચાલતા પ્લેસમેન્ટ હેઠળ વિદ્યાર્થીઓને માત્ર વાર્ષિક ત્રણથી ચાર લાખનું જ પેકેજ મળી રહ્યું છે. ધીરજ સિંહે કહ્યું કે, એકતરફ દેશમાં અબજોપતિઓની સંખ્યા વધી રહી છે, તો બીજી તરફ પેકેજ આપવામાં ઘટાડો થયો છે, જેના કારણે આઈઆઈટીના વિદ્યાર્થીઓ નિરાશ થયા છે. આ ઉપરાંત દેશના ટોચના યુવા પ્રતિભાઓ માટે પણ આ ખૂબ જ નિરાશાજનક સ્થિતિ છે.